RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 345 Dt. 20-06-2026 Page : 08 Price : Rs 3

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

અમારી Whatsapp Channel માં જોડાવા માટે નીચે આપેલ QR Code Scan કરો

અમેરિકા-ઈરાન શાંતિ કરારના બે જ દિવસમાં સંકટ!

# ઈઝરાયલના હુમલામાં લેબેનોનમાં ૧૮ મોત

નવી દિલ્હી, તા.૧૯

અમેરિકા અને ઈરાન વચ્ચે મધ્ય પૂર્વમાં ચાલી રહેલા સંઘર્ષને ખતમ કરવા અને લેબેનોનમાં કાયમી શાંતિ સ્થાપવા માટે એક ઐતિહાસિક કરાર પર હસ્તાક્ષર થયાના બરાબર એક દિવસ પછી લેબેનોનમાં ફરી એકવાર ભીષણ હુમલાઓ થયા છે. દક્ષિણ લેબેનોનમાં ઈઝરાયલ દ્વારા રાતોરાત કરવામાં આવેલા શ્રેણીબદ્ધ એરસ્ટ્રાઈકમાં આશરે ૧૮ લોકોના મોત થયા છે અને ૩૩થી વધુ લોકો ઘાયલ થયા છે. બીજી તરફ, ઈઝરાયલી સેનાએ પણ સ્વીકાર્યું છે કે આ ઘર્ષણ દરમિયાન તેના ૪ સૈનિકો માર્યા ગયા છે. આ હિંસક વળાંકે અમેરિકા અને ઈરાન વચ્ચે થયેલી શાંતિ સમજૂતીના ભવિષ્ય સામે મોટા સવાલો ઊભા કરી દીધા છે.

ઈઝરાયલ ડિફેન્સ ફોર્સે(IDF) જણાવ્યું હતું કે તેણે ઈરાન સમર્થિત સશસ્ત્ર જૂથ હિઝબુલ્લાહ સાથે જોડાયેલા ૮૦ લક્ષ્યો પર જોરદાર હુમલા કર્યા છે અને તેના ’ડઝનબંધ’ લડવૈયાઓને ઠાર કર્યા છે. લેબેનોનની સત્તાવાર ન્યૂઝ એજન્સીએ દક્ષિણ લેબેનોનના નબાતીહ જિલ્લામાં થયેલા આ હુમલાને આ યુદ્ધના સૌથી ભીષણ હુમલાઓમાંથી એક ગણાવ્યો છે, જેમાં અનેક ઈમારતો જમીનદોસ્ત થઈ ગઈ છે. આ તરફ, હિઝબુલ્લાહે પણ હથિયાર હેઠા મૂકવાનો ઈન્કાર કરી દીધો છે. હિઝબુલ્લાહે દાવો કર્યો છે કે તેમણે દક્ષિણ લેબેનોનમાં ઈઝરાયલી સૈન્યની ટુકડીને ઘેરીને ગાઈડેડ મિસાઈલ વડે ત્રણ ટેન્કો નષ્ટ કરી દીધી છે અને રોકેટ તેમજ તોપમારો કરીને ઈઝરાયલી સૈનિકોને નિશાન બનાવ્યા છે.



અમેરિકા અને ઈરાન વચ્ચે થયેલી શાંતિ સમજૂતીના ભવિષ્ય સામે હિંસક વળાંક

આ આખો વિવાદ એવા સમયે વકર્યો છે જ્યારે ગુરુવારે જ અમેરિકા અને ઈરાન વચ્ચે પરમાણુ કાર્યક્રમ, પ્રતિબંધોમાં રાહત અને આગામી ૬૦ દિવસમાં અંતિમ સમાધાન શોધવાની શરતો સાથે એક મહત્ત્વપૂર્ણ શાંતિ કરાર થયો હતો. આ ડીલ તમામ મોરચે યુદ્ધવિરામ અને લેબેનોનની સાર્વભૌમત્વનું સન્માન કરવાની હાકલ કરે છે.

જો કે, ઈઝરાયલના પીએમ બેન્જામિન નેતન્યાહૂ સ્પષ્ટ કરી ચૂક્યા છે કે, ’અમે લેબેનોનમાંથી પોતાના સૈનિકો પાછા ખેંચવા માંગતા નથી.’ ઈઝરાયલનું કહેવું છે કે, ’હિઝબુલ્લાહ સામેની અમારી લડાઈ એ ઈરાન સાથેના યુદ્ધથી તદ્દન અલગ છે અને જ્યાં સુધી આક્રમણ ચાલુ રહેશે ત્યાં સુધી હિઝબુલ્લાહે પણ હુમલા ચાલુ રાખવાની શપથ લીધી છે.’

આ લશ્કરી કાર્યવાહીથી ઈઝરાયલ અને તેના સૌથી મોટા સહયોગી અમેરિકા વચ્ચેના સંબંધો વધુ વણસ્યા છે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ લેબેનોનમાં ઈઝરાયલના વલણની જાહેરમાં ટીકા કરી ચૂક્યા છે અને બંને નેતાઓ વચ્ચે ફોન પર વાતચીત દરમિયાન ભારે તણાવ સર્જાયો હોવાના અહેવાલો છે. આ દરમિયાન, શુક્રવારે યોજાનારી સીધી મંત્રણા હાલ પૂરતી ટળી ગઈ છે, કારણ કે અમેરિકન ઉપપ્રમુખ જેડી વેન્સે તેમની સ્વિટ્ઝર્લેન્ડની મુલાકાત રદ કરી દીધી છે. જેડી વેન્સે નેતન્યાહૂ સરકારના કટ્ટરપંથી મંત્રીઓ ઇતામાર બેન-ગવીર અને બેઝલેલ સ્મોટ્રિચ પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપતાં જણાવ્યું કે, ’તમે માત્ર ૯૦ લાખની વસ્તી ધરાવતો એક નાનો દેશ છો. તમે માત્ર નરસંહાર કરીને તમારી રાષ્ટ્રીય સુરક્ષાની દરેક સમસ્યાનો ઉકેલ લાવી શકો નહીં. ઈઝરાયલે વાસ્તવિકતા સમજવી જોઈએ અને દુનિયામાં પોતાના એકમાત્ર શક્તિશાળી મિત્ર અમેરિકા સામે આંગળી ચીંધવાનું કે તેના પર હુમલા કરવાનું તાત્કાલિક બંધ કરવું જોઈએ.’

અયોધ્યાના રામમંદિર બાદ કર્ણાટકના માંડ્યા જિલ્લાના મેલુકોટ સ્થિત મંદિરમાં ચોરી

# કર્ણાટકના યોગ નરસિમ્હા સ્વામી મંદિરમાં દાનચોરી : મુખ્ય પૂજારી સહિત ૬ સસ્પેન્ડ

નવી દિલ્હી, તા.૧૯

અયોધ્યાના રામમંદિર બાદ કર્ણાટકના માંડ્યા જિલ્લાના મેલુકોટ સ્થિત ઐતિહાસિક અને અત્યંત લોકપ્રિય યોગ નરસિમ્હા સ્વામી મંદિરમાંથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. અહીં શ્રદ્ધાળુઓ દ્વારા આસ્થાપૂર્વક ચઢાવવામાં આવતા દાનપાત્ર(હુંડી)માંથી ચોરી થતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. આ ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને વહીવટીતંત્ર દ્વારા મોટી કાર્યવાહી કરવામાં આવી છે, જેમાં મંદિરના મુખ્ય પૂજારી સહિત કુલ છ કર્મચારીઓને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે.

મંદિર વહીવટીતંત્રના વરિષ્ઠ અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ કડક પગલાં હાલમાં ચોરીમાં સીધી સંલિપ્તતાના કારણે નહીં, પરંતુ મંદિરની સુરક્ષા વ્યવસ્થામાં રાખવામાં આવેલી ઘોર બેદરકારી અને વહીવટી જવાબદારીઓ નિભાવવામાં થયેલી ચૂક બદલ લેવામાં આવ્યા છે. માંડ્યાના ડેપ્યુટી કમિશનર(ઉપાયુક્ત) દ્વારા આ સુરક્ષા ખામીને અત્યંત ગંભીર ગણાવવામાં આવી હતી. ત્યારબાદ



મંદિરના કાર્યકારી અધિકારી શીલા દ્વારા આ તમામ છ લોકોના સસ્પેન્શનનો સત્તાવાર આદેશ જારી કરવામાં આવ્યો હતો.

દાનપાત્રની સુરક્ષામાં બેદરકારી બદલ જે લોકોને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે, તેમાં નારાયણ ભટ્ટ (મંદિરના મુખ્ય પૂજારી), શ્રીધર (મંદિર પ્રશાસન કર્મચારી), તિરુવેંકટાચાર (મંદિર પ્રશાસન કર્મચારી), ગંગાધર (સુરક્ષા ગાર્ડ), બસવરાજૂ (સુરક્ષા ગાર્ડ), કસ્તૂરી શ્રીનિવાસન (મંદિર પ્રશાસન કર્મચારી)નો સમાવેશ થાય છે.

યોગ નરસિમ્હા સ્વામી મંદિર કર્ણાટકના સૌથી પ્રમુખ ધાર્મિક સ્થળોમાંનું એક છે, જ્યાં દર વર્ષે લાખો ભક્તો દર્શનાર્થે આવે છે અને મોટું દાન ચઢાવે છે. આવા પ્રતિષ્ઠિત મંદિરની અંદર સીસીટીવી અને સુરક્ષાકર્મીઓની હાજરી હોવા છતાં દાનપાત્રમાંથી ચોરી કેવી રીતે થઈ, તે વહીવટીતંત્ર માટે મોટો સવાલ બન્યો છે. હાલમાં પોલીસ અને વહીવટી એજન્સીઓ દ્વારા આ મામલે સઘન તપાસ ચલાવવામાં આવી રહી છે. તપાસનો આખરી અહેવાલ આવ્યા બાદ આ કેસમાં વધુ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

# ઈઝરાયલ-હિઝબુલ્લાહ વચ્ચે યુદ્ધવિરામ

## મધ્ય પૂર્વમાં મોટી રાહતઃ અમેરિકા અને કતરની મધ્યસ્થતા બાદ પરિણામ

નવી દિલ્હી, તા. ૧૯

મિડલ ઈસ્ટમાંથી વિશ્વ માટે એક અત્યંત મોટા રાહતના સમાચાર સામે આવ્યા છે. ઈઝરાયેલ અને લેબનોનના સશસ્ત્ર જૂથ હિઝબુલ્લાહ વચ્ચે ફરી એકવાર ભયાનક લડાઈ થયા બાદ હવે બંને પક્ષો સીઝફાયર (યુદ્ધવિરામ) માટે સંપૂર્ણ સંમત થયા છે. રોયટર્સ ન્યૂઝ એજન્સીને એક વરિષ્ઠ અમેરિકી અધિકારીએ આપેલી માહિતી અનુસાર, આ સીઝફાયર શુક્રવારે સ્થાનિક સમય મુજબ બપોરે ૪ વાગ્યાથી સત્તાવાર રીતે અમલમાં આવી ગયું છે.

સીઝફાયર ડીલ અને તેની શરતો જોઈએ તો અમેરિકા અને કતારના મધ્યસ્થોએ ઈરાનની મદદથી આ મહત્ત્વની ડીલ તૈયાર કરી છે.આ ડીલ અંતર્ગત અમેરિકા, ઈરાન અને તેમના સહયોગી દેશોએ જાહેરાત કરવાની રહેશે કે લેબનોન સહિત તમામ મોરચે સૈન્ય ઓપરેશન્સ તાત્કાલિક અને હંમેશા માટે બંધ કરવામાં આવે. હિઝબુલ્લાહના એક સાંસદે પણ પૂર્ણ યુદ્ધવિરામ વિના વાટાઘાટોનો ઈન્કાર કર્યો હતો.અમેરિકી અધિકારીના દાવા મુજબ, ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ લેબનોનમાં સીઝફાયર રીન્યૂ કરવા ૧૦૦% સંમત છે, જોકે તેમની ઓફિસ તરફથી હજુ સત્તાવાર પુષ્ટિ બાકી છે.



શાંતિની જાહેરાત પહેલાં લેબનોનમાં રાતભર ભારે હિંસા જોવા મળી હતી. સ્વાસ્થ્ય મંત્રાલય અનુસાર, ઈઝરાયેલની એરસ્ટ્રાઈકમાં ૧૮ લોકોનાં મોત નીપજ્યાં હતાં. જ્યારે દક્ષિણ લેબનોનમાં હિઝબુલ્લાહના હુમલામાં ૪ ઈઝરાયેલી સૈનિકો માર્યા ગયા હતા, જેને અત્યાર સુધીનો સૌથી ખતરનાક હુમલો ગણાવાયો છે.

આ શાંતિ બહાલી પાછળ ડોનાલ્ડ ટ્રમ્પનું ભારે દબાણ હોવાનું મનાય છે. ટ્રમ્પે નેતન્યાહૂને ફોન કરીને આકરા શબ્દોમાં ખખડાવ્યા હતા કે ઈઝરાયેલની કાર્યવાહી વધુ પડતી ખતરનાક થઈ ગઈ છે. એક માણસ માટે આખી ઈમારત તોડી પાડવી યોગ્ય નથી. રિપોર્ટ મુજબ ટ્રમ્પે ગુસ્સામાં કહ્યું, ‘‘જો હું ન હોત તો ઈઝરાયેલનું અસ્તિત્વ ન હોત અને તું જેલમાં હોત.‘‘

કેન્દ્ર સરકારને નવો કાયદો બનાવવા અને સ્થાનિક તંત્રની જવાબદારી નક્કી કરવા આદેશ

# ફુટપાથ પર ચાલવું નાગરિકનો ‘મૂળભૂત અધિકાર’: સુપ્રીમ

નવી દિલ્હી,,તા.૧૯

સુપ્રીમ કોર્ટે શુક્રવારે એક અત્યંત મહત્ત્વનો ચુકાદો આપતા જણાવ્યું છે કે, ‘ફૂટપાથ પર ચાલવાનો અધિકાર એ નાગરિકોનો મૌલિક (મૂળભૂત) અધિકાર છે.’ આ સાથે જ સર્વોચ્ચ અદાલતે કેન્દ્ર સરકારને આ મુદ્દે એક સચોટ કાયદો બનાવવા માટે આદેશ કર્યો છે.

કોર્ટે કેન્દ્રને જણાવ્યું છે કે આ કાયદા દ્વારા પગપાળા ચાલતા મુસાફરો માટે જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર (ફૂટપાથ) બનાવવા અને તેની જાળવણી કરવા માટે શહેરી વિકાસ સત્તામંડળ, મહાનગરપાલિકાઓ અને પંચાયતો જેવા સ્થાનિક નગર નિગમોની સીધી જવાબદારી નક્કી કરવામાં આવે. જસ્ટિસ પી.એસ. નરસિમ્હા અને અતુલ એસ. ચંદુરકરની બેંચે સ્પષ્ટ કર્યું કે, બંધારણના આર્ટિકલ ૧૯(૧)(મ) અને આર્ટિકલ ૨૧ હેઠળ ’મુક્તપણે ફરવાના અધિકાર’માં પગપાળા ચાલવાનો સમાવેશ થાય છે. આ અધિકાર મોટર વાહનોથી આવવા-જવાની તુલનામાં વધુ મહત્ત્વ ધરાવે છે. જો કોઈ નાગરિકના આ અધિકારનો ભંગ થશે, તો તે જવાબદાર સત્તાધીશો સામે કાયદાકીય પગલાં ભરીને વળતર માંગી શકશે. કોર્ટે નોંધ્યું કે હાલમાં આપણું નગર પ્રશાસન માત્ર વાહનોને અનુકૂળ રસ્તાઓ બનાવવામાં જ વ્યસ્ત છે અને પગપાળા ચાલનારાઓને કિનારે ધકેલી દેવાયા છે, પરંતુ હવે એવું નહીં ચાલે.આ ઐતિહાસિક ચુકાદો વર્ષ ૨૦૧૬માં બનેલી એક માર્ગ અકસ્માતની ઘટનાના ક્લેમ કેસ દરમિયાન આવ્યો છે. શાળાએ જઈ રહેલા ૫ વર્ષના એક માસૂમ બાળકને પાછળથી આવતા ટેન્કરે ટક્કર મારી




દીધી હતી, જેમાં તેનું મોત નીપજ્યું હતું. નોંધનીય છે કે, જે રસ્તા પર આ અકસ્માત થયો ત્યાં કોઈ ફૂટપાથ કે ક્રોસિંગની વ્યવસ્થા જ ન હતી.

સુપ્રીમ કોર્ટે વળતરની રકમ વધારીઃ આ કેસમાં મોટર એક્સિડન્ટ ક્લેમ્સ ટ્રિબ્યુનલે (MACT) ૭.૮૨ લાખ રૂપિયાનું વળતર મંજૂર કર્યું હતું, જેને હાઈકોર્ટે ઘટાડીને ૪.૭૦ લાખ રૂપિયા કરી દીધું હતું. જોકે, સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટના આ નિર્ણયને ભૂલભરેલો ગણાવ્યો હતો અને વળતરની રકમ વધારીને ૧૧,૪૪,૬૨૮ રૂપિયા કરી છે. કોર્ટે વીમા કંપનીને આ રકમ ૨ મહિનાની અંદર ચૂકવી દેવાનો આદેશ આપ્યો છે.

૩ મહિનાના લાંબા ઈંતેજારનો અંત પશ્ચિમ એશિયાના તણાવ વચ્ચે ફસાયેલું મહાકાય જહાજ...

# ‘દિશા’ LNG લઈને હેમખેમ ગુજરાત પહોંચ્યું

## સ્ટ્રેટ ઑફ હોર્મુઝનો અત્યંત જોખમી માર્ગ પાર કરી ૬૨,૩૭૦ મેટ્રિક ટનનો જંગી ગેસ જથ્થો દહેજ પોર્ટ પર લાંગર્યો; ભારતની ઊર્જા સુરક્ષા માટે મોટી રાહત



નવી દિલ્હી, તા.૧૯

પશ્ચિમ એશિયામાં છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલા ભારે રાજકીય અને લશ્કરી તણાવ વચ્ચે ભારતના ઊર્જા ક્ષેત્ર માટે અત્યંત રાહત આપનારા સમાચાર સામે આવ્યા છે. લિક્વિફાઈડ નેચરલ ગેસ (LNG)નો જંગી જથ્થો લઈને આવી રહેલું વિશાળ દરિયાઈ જહાજ ’દિશા’ આખરે તમામ અવરોધો અને જોખમો પાર કરીને સફળતાપૂર્વક ગુજરાતના ભરૂચ જિલ્લામાં આવેલા દહેજ પોર્ટ પર પહોંચી ગયું છે. વૈશ્વિક વેસલ ટ્રેકિંગ ડેટા અનુસાર, શુક્રવારે સવારે બરાબર ૭:૩૨ વાગ્યે આ જહાજ દહેજ ટર્મિનલ પર લાંગરવામાં આવ્યું હતું.

ઈરાન, અમેરિકા અને અન્ય પશ્ચિમ એશિયાઈ દેશો વચ્ચે સર્જાયેલી યુદ્ધ જેવી સ્થિતિને કારણે આંતરરાષ્ટ્રીય જળમાર્ગો પર ભારે સંકટ ઊભું થયું હતું. આ ભૌગોલિક રાજકીય તણાવ અને સુરક્ષાના કારણોસર જહાજ ’દિશા’ છેલ્લા ત્રણ મહિનાથી વધુ સમય સુધી ખાડી (Gulf) વિસ્તારમાં જ અટવાઈ પડ્યું હતું. લાંબી પ્રતીક્ષા, કડક સુરક્ષા ચકાસણી અને પરિસ્થિતિ થોડી સામાન્ય બનવાની રાહ જોયા બાદ આખરે આ જહાજે પોતાની સફર આગળ વધારી હતી. જહાજ અને કાર્ગોની મુખ્ય વિગતો જોઈએ તો દિશા (Disha)નો લોડિંગ પોઈન્ટ રાસ લફાન એલએનજી ટર્મિનલ (કતાર) હતો. ૬૨,૩૭૦ મેટ્રિક ટન LNG કાર્ગો જથ્થો લઈને પહોંચ્યું છે. શિપિંગ કોર્પોરેશન ઑફ ઈન્ડિયા (SCI)ની આગેવાની હેઠળનું કોન્સોર્ટિયમ છે. પેટ્રોનેટ એલએનજી લિમિટેડ (Petronet LNG Limited) કંપની છે. દહેજ પોર્ટ, ભરૂચ (ગુજરાત) આવી પહોંચ્યું છે.

આ જહાજે જે માર્ગ પરથી પ્રવાસ ખેડ્યો છે તે ’સ્ટ્રેટ ઑફ હોર્મુઝ’ (Strait of Hormuz) વ્યૂહાત્મક રીતે વિશ્વમાં ઓઈલ અને ગેસના પરિવહન માટેનો સૌથી મહત્ત્વનો અને સંવેદનશીલ દરિયાઈ ચોકપોઈન્ટ ગણાય છે. આ વિસ્તારમાં સહેજ પણ અવરોધ કે તણાવ ઊભો થાય તો વૈશ્વિક સ્તરે ક્રૂડ ઓઈલ અને ગેસની સપ્લાય ચેઈન ખોરવાઈ જવાની ભીતિ રહે છે. આથી જ, ભારત આવતા આ જહાજની સુરક્ષિત સફર પર ઊર્જા ક્ષેત્રના તમામ હિતધારકોની નજર ટકેલી હતી.

### ભારતની ઊર્જા સુરક્ષા અને દહેજ ટર્મિનલની ભૂમિકા

વૈશ્વિક ઊર્જા બજાર માટે હાલનો સમય અત્યંત નાજુક છે, ત્યારે આટલા મોટા જથ્થા સાથે જહાજનું હેમખેમ ભારત આવવું એ દેશની ઊર્જા સુરક્ષા (Energy Security) માટે એક બહુ મોટી સફળતા છે. ભરૂચનું દહેજ એલએનજી ટર્મિનલ એ ભારતનું સૌથી મોટું એલએનજી ઈમ્પોર્ટ હબ (આયાત કેન્દ્ર) છે. તે સમગ્ર દેશના નેચરલ ગેસ ડિસ્ટ્રિબ્યુશન નેટવર્કમાં કરોડરજ્જુ સમાન મુખ્ય ભૂમિકા ભજવે છે.જહાજ ’દિશા’ના આગમનથી દેશમાં એલએનજીની ઉપલબ્ધતા વધુ મજબૂત બનશે, જેનાથી દેશના મોટા ઉદ્યોગો અને ઘરગથ્થુ વપરાશ માટે ગેસનો પુરવઠો સ્થિર રાખવામાં મોટી મદદ મળશે.આ સફળ સફરે સાબિત કર્યું છે કે ભારતના ઝડપથી વિકસતા અર્થતંત્ર અને અવિરત ઊર્જા આયાત માટે સુરક્ષિત આંતરરાષ્ટ્રીય દરિયાઈ માર્ગો કેટલા મહત્ત્વના હોવાનું મનાય છે.

# PDM ફાટક ટ્રાફિક મુક્ત, બ્રિજનું થશે નિર્માણ

## ઝેડ આકારમાં બનશે અંડરબ્રિજ : ગત વર્ષે સરકારે ૪૦ કરોડની ફાળવીતી ગ્રાન્ટ : ૫૦ જેટલી મિલકતો કપાતમાં જાય તેવી શક્યતા



રાજકોટ, તા. ૧૯

જેમ જેમ શહેરનો વિકાસ થતો હોય છે તેમ તેમ માળખાગત સુવિધાઓની જરૂરિયાત પણ વધતી હોય છે. મળતી માહિતી મુજબ રાજકોટ નો વિકાસ પણ જેટ ગતિએ આગળ વધી રહ્યો છે ત્યારે રાજકોટને ફાટકમુક્ત બનાવવા માટે બ્રિજ બનાવવાની યોજના મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવી છે પછી તે અંડર બ્રિજ સ્વરૂપે હોય કે ઓવરબ્રિજ સ્વરૂપે. પીડીએમ કોલેજ સામેના ફાટક પર હાલ બ્રિજ બનાવવાનું નક્કી થઈ ચૂક્યું છે જે માટે ગત વર્ષે સરકાર દ્વારા ૪૦ કરોડની ગ્રાન્ટ પણ ફાળવી દેવામાં આવી હતી પરંતુ કોઈ પણ કારણોસર તે સમયે તે પ્રોજેક્ટ સાર્થક બન્યો ન હતો. સરકારે મંજૂરી આપવાની સાથે જ સ્થાનિક પ્રશાસન દ્વારા હવે ૫૦ ૫૦ જેટલી મિલકતને કપાત કરવામાં આવશે તેવું પણ હાલ જાણવા મળ્યું છે.

પીડીએમ સામેના આ ફાટક પર અન્ડરબ્રિજ બનાવવા માટેની ડિઝાઈન રેલવેએ મંજૂર કરી દીધી છે. અહીં રૂ.૪૦.૮૬ કરોડના ખર્ચે 'ઝેડ' આકારમાં બ્રિજ બનાવવામા આવશે. ટીપી શાખાએ અગાઉ કરેલા ડિમાર્કેશન મુજબ માત્ર ઢેબર કોલોનીથી ગોપાલનગર શેરી નં.૧ સુધી ૫૦થી વધુ મિલકતો કપાત કરવામા આવશે. જેની સામે મિલકતધારકોને વળતર પણ મળશે. આ પ્રોજેક્ટ માટે ટુંક સમયમાં જ ટેન્ડર પ્રક્રિયા શરૂ કરી સ્ટેન્ડીંગ કમિટીમાં દરખાસ્ત મોકલવામા આવશે.

શહેરના મુખ્ય માર્ગો ગોંડલ રોડ અને ઢેબર રોડને જોડતા પીડીએમ રેલવે ફાટક નીચે રૂ.૫૦ કરોડના અંદાજિત ખર્ચે કુલ ૭૦૦ મીટર લંબાઈનો અંડરબ્રિજ બનાવવાની યોજનાને સરકારના ગ્રૂઉખ (ગુજરાત અર્બન ડેવલોપમેન્ટ મિશન) વિભાગે સૈદ્ધાંતિક મંજૂરી આપી હતી. આ અંડરબ્રિજ રાજકોટનો સૌથી લાંબો અંડરબ્રિજ બનશે, જે પૂર્વ સીએમ વિજયભાઈ રૂપાણીના કાર્યકાળમાં શરૂ કરાયેલા ફાટક મુક્ત રાજકોટ અભિયાનને આગળ ધપાવશે. આ અંડરબ્રિજ બનતા હજારો લોકોને ટ્રાફિક સમસ્યામાંથી મુક્તિ મળશે.

આ બ્રિજ માટે પ્રારંભિક સર્વે પૂર્ણ થઈ ગયો છે. મનપાએ બ્રિજની ડિઝાઈન તૈયાર કરવા અને કપાતમાં આવતી મિલકતોનો સર્વે કરવા માટે સલાહકારની નિમણૂક કરી હતી. જેણે પોતાનો પ્રાથમિક રિપોર્ટ તૈયાર કરી લીધો છે. રિપોર્ટ મુજબ, અંદાજે ૫૦ કરતા વધારે મિલકતોમાં નાની-મોટી કપાત આવી શકે છે. ખાસ કરીને ઢેબર રોડ પર ઢેબર કોલોનીથી ગોપાલનગર શેરી નં. ૧ સુધીની મિલકતો કપાત હેઠળ આવી શકે છે. મનપાએ ઢેબર રોડ પરની આ મિલકતોને 'લાઈન ઓફ પબ્લિક સ્ટ્રીટ' (ક્ઘડ) હેઠળ મૂકી છે એટલે કે જાહેર હિતમાં મનપા દ્વારા આ મિલકતોના અમુક ભાગની કપાત કરવામાં આવશે.

પ્રાથમિક જાણકારી મુજબ રોડની એક જ બાજુએ કપાત આવે એવી શક્યતા છે. રેલવે તંત્રએ પણ મનપાને સંપૂર્ણ સહયોગ આપવા ખાતરી આપી છે. આ ફાટકનો ઉપયોગ જી બસો સહિતના ભારે વાહનો દ્વારા થતો હોવાથી ૭૦૦ મીટરની મોટી લંબાઈનો બ્રિજ બનાવવાની જરૂરિયાત છે. હવે ક્ઘડ હેઠળ આવતી તમામ કપાતની મિલકતોનો સર્વે ઝડ વિભાગ દ્વારા કરવામાં આવશે.

આ સાથે જ રેલવેની મંજૂરી અને ટેન્ડર પ્રક્રિયા સહિત જરૂરી કામગીરી હાથ ધરવામાં આવશે. ટૂંક સમયમાં કપાતમાં આવતી ૫૦થી વધુ મિલકતોને નોટિસ પણ આપવામાં આવશે. રાજકોટ મહાનગરપાલિકા અને રેલવે વિભાગે શહેરની મધ્યમાં આવતા આ રેલવે ફાટક પર ટ્રાફિકની સમસ્યાના નિવારણ માટે આ પ્રોજેક્ટને પ્રાથમિકતા આપી છે. આ પ્રોજેક્ટ માટે ગત વર્ષે રાજ્ય સરકારે ૪૦ કરોડની ગ્રાન્ટ ફાળવી હતી. ગઈકાલે ખુદ મહાનગરપાલિકાના કમિશનર તથા મેયર નેહલ શુકલ બાઈક પર પીડીએમ ફાટક પાસે પહોંચ્યા હતા અને સમગ્ર પ્લાન અંગે માહિતી એકત્રિત કરી હતી આ સમયે સ્થિતિજનેર અતુલ રાવલ સહિતના સંબંધિત વિભાગના અધિકારીઓ પણ હાજર રહ્યા હતા.



# ૫૧.૨૮ લાખ ખેડૂતોને આજે મળશે ૧,૦૨૫ કરોડથી વધુની સહાય

## ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ની અધ્યક્ષતામાં રાજ્યકક્ષાનો પીએમ કિસાન ઉત્સવ દિવસ યોજાશે




**૨૩મા હપ્તા અંતર્ગત દેશના ૯.૪૪ કરોડથી વધુ ખેડૂત પરિવારોને મળશે રૂ. ૧૮,૮૮૦ કરોડથી સહાય**

ગાંધીનગર, તા.૧૯

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી આજે તા.૨૦ના રોજ પશ્ચિમ બંગાળના હુગલી (તારકેશ્વર) ખાતેથી પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાનો ૨૩મો હપ્તો રિલીઝ કરશે. આ અવસરે વડાપ્રધાન દેશભરના કરોડો ખેડૂતો સાથે વર્ચ્યુઅલ માધ્યમથી સંવાદ કરી વિશેષ સંબોધન આપશે.

આ રાષ્ટ્રીય કાર્યક્રમના અનુસંધાને ગુજરાતમાં ગાંધીનગર ટાઉનહોલ ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં રાજ્યકક્ષાના પીએમ કિસાન ઉત્સવ દિવસનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે રાજ્યના કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણી અને રાજ્ય મંત્રી રમેશભાઈ કટારા ખાસ ઉપસ્થિત રહેશે.

૨૩માં હપ્તા હેઠળ વડાપ્રધાનના હસ્તે સમગ્ર દેશના ૯.૪૪ કરોડથી વધુ ખેડૂત પરિવારોને કુલ રૂ. ૧૮,૮૮૦ કરોડથી વધુની સહાયનું સીધું વિતરણ કરવામાં આવશે. આ હપ્તા અંતર્ગત ગુજરાતના આશરે ૫૧.૨૮ લાખ ખેડૂત પરિવારોના બેંક ખાતામાં રૂ. ૧,૦૨૫ કરોડથી વધુની સહાય સીધી ઉઇઝના માધ્યમથી જમા થશે. આ યોજના હેઠળ અત્યાર સુધીના ૨૨ હપ્તામાં દેશના ૧૧ કરોડથી વધુ ખેડૂતોને કુલ રૂ. ૪.૨૮ લાખ કરોડથી વધુની સહાય ચૂકવાઈ છે. જે અંતર્ગત ગુજરાતના ૬૯ લાખથી વધુ લાભાર્થી ખેડૂત પરિવારો અત્યાર સુધીમાં કુલ રૂ. ૨૩,૦૮૩ કરોડથી વધુનો સીધો આર્થિક લાભ મળ્યો છે. આ મહોત્સવ માત્ર રાજ્યકક્ષાએ જ નહીં, પરંતુ સમગ્ર ગુજરાતમાં જિલ્લા, તાલુકા અને ગ્રામ્ય સ્તર સુધી ઉજવાશે. રાજ્યભરના કૃષિ વિજ્ઞાન કેન્દ્રો, માર્કેટ યાર્ડ, ફાર્મર પ્રોડ્યુસર ઓર્ગેનાઇઝેશન, પ્રધાનમંત્રી કિસાન સમૃદ્ધિ કેન્દ્રો અને પ્રાઈમરી એગ્રીકલ્ચરલ ક્રેડિટ સોસાયટીઝ ખાતે વિશેષ કાર્યક્રમો યોજીને વડાપ્રધાનના આ રાષ્ટ્રીય સંબોધનનું જીવંત પ્રસારણ નિહાળવાની વ્યવસ્થા કરવામાં આવી છે.

## એક વર્ષમાં ૮ લાખથી વધુ નાગરિકો જોડાયા : ૬ વર્ષમાં ૧.૫ લાખ યોગ ટ્રેનર્સ તૈયાર કર્યા યોગ બોર્ડે

# સૌથી વધુ યોગ શિક્ષકો વર્ગો ધરાવતું ગુજરાત

ગાંધીનગર, તા.૧૯

આંતરરાષ્ટ્રીય યોગ દિવસ-૨૦૨૬ પૂર્વે ગુજરાતે યોગ ક્ષેત્રે એક મહત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી છે. ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેન શીશપાલ રાજપૂતે જણાવ્યું છે કે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવના માર્ગદર્શનમાં ગુજરાત આજે દેશમાં સૌથી વધુ યોગ શિક્ષકો અને સૌથી વધુ યોગ વર્ગો ધરાવતું રાજ્ય બની ગયું છે.

રાજ્યભરમાં હાલમાં ૪,૯૮૫થી વધુ નિઃશુલ્ક યોગ વર્ગો કાર્યરત છે, જેમાં દરરોજ અંદાજે ૪થી ૫ લાખ નાગરિકો યોગાભ્યાસ કરે છે. રાજપૂતે જણાવ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના યોગને વૈશ્વિક જનઆંદોલન બનાવવાના વિઝનને સાકાર કરવામાં ગુજરાત અગ્રેસર રહ્યું છે. રાજ્યમાં યોગ બોર્ડની સ્થાપના બાદ યોગ પ્રવૃત્તિઓને અભૂતપૂર્વ વેગ મળ્યો છે અને આજે યોગ માત્ર વરિષ્ઠ નાગરિકો પૂરતો મર્યાદિત ન રહી બાળકો, યુવાનો, મહિલાઓ, ઉદ્યોગકારો, સરકારી અધિકારીઓ અને વિવિધ વ્યવસાય સાથે જોડાયેલા



લોકોની દૈનિક જીવનશૈલીનો ભાગ બન્યો છે. યોગ બોર્ડે છેલ્લા છ વર્ષમાં ૧.૫૦ લાખથી વધુ પ્રમાણિત યોગ ટ્રેનર્સ તૈયાર કરીને રાજ્યમાં યોગ શિક્ષણનું વિશાળ નેટવર્ક ઊભું કર્યું છે. સાથે જ નાગરિકોને ગુણવત્તાયુક્ત માર્ગદર્શન મળી રહે તે માટે ૭૫૦ યોગ કોચની કાયમી નિમણૂક કરવામાં આવી છે. રાજ્યવ્યાપી આરોગ્ય જાગૃતિ અભિયાનના ભાગરૂપે વર્ષ ૨૦૨૬ દરમિયાન યોજાયેલી ૭૬૩ યોગ શિબિરોમાં ૮.૦૪ લાખથી વધુ નાગરિકોએ ભાગ લીધો છે. જ્યારે વર્ષ ૨૦૨૦થી અત્યાર સુધી યોજાયેલા 'યોગ સંવાદ' કાર્યક્રમોમાં ૧૨.૧૭ લાખથી વધુ લોકો સહભાગી બન્યા છે.

બાળકો અને યુવાનોમાં સ્વસ્થ જીવનશૈલીના સંસ્કારો વિકસે તે માટે યોજાતા નિઃશુલ્ક સમર યોગ કેમ્પોમાં છેલ્લા ચાર વર્ષમાં ૭૬ હજારથી વધુ વિદ્યાર્થીઓ જોડાયા છે. બીજી તરફ, ''મેદસ્વિતા મુક્ત ગુજરાત અભિયાન'' અંતર્ગત યોજાયેલા વિશેષ યોગ કેમ્પોમાં ૨૫ હજારથી વધુ નાગરિકોએ ભાગ લઈને સ્થૂળતા સામે સ્વસ્થ જીવનશૈલી અપનાવવાનો સંકલ્પ લીધો છે. રાજપૂતે જણાવ્યું કે ''હર ઘર યોગ'' અને ''નિરામય ગુજરાત''ના ધ્યેય સાથે ગુજરાત રાજ્ય યોગ બોર્ડે રાજ્યના દરેક જિલ્લા, તાલુકા અને ગામડાં સુધી યોગને પહોંચાડ્યા છે.

# શ્રીરામ ચાઈનીઝ - બાલાજી ઢોસા અંતે સીલ



**૧૧૦૦ કિલોથી વધુનો વાસી જથ્થો છેલ્લા બે દિવસમાં પકડાયો : મેયર તથા કમિશનરના આદેશ બાદ ફૂડ વિભાગની ધડાધડ કામગીરી**

રાજકોટ, તા. ૧૯

મહાનગરપાલિકાના ફૂડ વિભાગ દ્વારા છેલ્લા ત્રણ દિવસથી વિવિધ સ્થળો પર દરોડા પાડવામાં આવી રહ્યા છે ત્યારે ગઈકાલે ગોંડલ રોડ અને મવડી વિસ્તારની બે જાણીતી રેસ્ટોરન્ટમાં અખાદ્ય જથ્થાનો નાશ કરવામાં આવ્યો હતો અને હોટલને સીલ કરી દેવાય હતી. લોકોના આરોગ્ય સાથે થતા ચેડા ધ્યાને આવતા જ મહાનગરપાલિકા એક્શન મોડમાં આવ્યું હોવાનું પણ જાણવા મળ્યું છે. મેયર અને કમિશ્નરે સંયુકત રીતે ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ બદલ કડક કાર્યવાહીના લીધેલા નિર્ણયના પગલે ભરઉનાળે અધિકારીઓ જરૂરી કસરતમાં લાગી ગયા છે. બે દિવસમાં ફૂડ વિભાગે ૧૧૪૭ કિલો જેટલા વાસી ફૂડનો નાશ કર્યો છે. જે આંકડો કયારેક કયારેક એક મહિનામાં પણ થતો ન હતો. જે હોય તે પરંતુ લોકોના આરોગ્ય સાથે રેંકડીથી માંડી પ્રખ્યાત હોટલોમાં કેવા ચેડા થાય છે તે બહાર આવ્યું છે જે માટે તંત્રની સાથે સ્વાદપ્રિય લોકોએ પણ જાગૃત થવાનો સમય આવી ગયો છે. આરોગ્ય વિભાગે જાહેર કરેલી વિગત મુજબ ખાદ્ય પદાર્થોમાં થતી ભેળસેળ અને ગંદકી સામે કડક કાર્યવાહી અર્થે સર્વેલન્સ ચેકિંગ દરમિયાન ગોંડલ રોડ, બોમ્બે હોટલ, વૃધ્ધાશ્રમ સામે, આવેલ શ્રી રામ ચાઈનીઝ પંજાબી (રેસ્ટોરન્ટ)ને સીલ કરી દેવામાં આવેલ છે. ઉપરાંત હાઈજેનિક કન્ડિશન જાળવવા માટે નોટિસ આપી આશરે ૧૦ થી ૧૨ કિલો વાસી અખાદ્ય ખોરાકનો નાશ કરવામાં આવ્યો છે.

તો મવડી બાયપાસ રોડ, રિયલ પ્રાઈમની સામે આવેલ 'બાલાજી ઢોસા સેન્ટર'માં અનહાઈજેનિક કન્ડિશનમાં ખાદ્ય ચીજો બનાવવા તેમજ વાસી અને અખાદ્ય ચીજોનો સ્ટોરેજ જોવા મળતા આ પેઢીને પણ સીલ મારી દેવામાં આવ્યા છે. તો લાઈસન્સ મેળવવા બાબતે સૂચના આપી અંદાજિત કુલ ૧૧૫ કિલો વાસી અને અખાદ્ય ખોરાકનો નાશ કરીને રૂ.૧૦,૦૦૦નો દંડ કરવામાં આવેલ છે.

ફૂડ વિભાગની ડ્રાઈવમાં મવડી ચોકડી થી બાપા સીતારામ ચોક ૧૫૦ ફૂટ રિંગરોડ, સર્વેશ્વરચોક, વર્ણીરાજ ફૂડ ઝોન (નેપલ્સ પીઝા), રેસકોર્સ રિંગ રોડ, સોરઠિયાવાડી સર્કલ થી ભક્તિનગર સર્કલ સુધી ૮૦ રીંગ રોડ, આઈ.ટી.આઈ. હોકર્સ ઝોન તેમજ આજી ડેમ ચોકડીથી માંડા ડુંગર સુધી, રણુજા મંદિર પાસે કોઠારીયા મેઈન રોડ સ્થળેથી કુલ મળી ૬૩ પેઢી, રેસ્ટોરંટ, તથા હોકર્સ ઝોનમાં તપાસ કરતાં કુલ ૨૬૦ કિલો અખાદ્ય વાસી જથ્થાનો નાશ કરી કુલ ૨૬ પેઢીને સ્ટોરેજ તથા હાઈજેનિક કન્ડિશન બાબતે નોટિસ આપીને રૂ.૭૪,૪૦૦ની પેનલ્ટી વસૂલ કરવામાં આવી હતી. આવનારા દિવસોમાં હોકર્સ ઝોન , સાથે નાની તથા મોટી રેસ્ટોરન્ટમાં પણ તપાસ હાથ ધરવામાં આવશે. આવશે અને સીલની સાથોસાથ દંડ પણ વસૂલવામાં આવશે તેવું ચિત્ર સ્પષ્ટ થઈ ચૂક્યું છે. રાજકોટની જાણીતી રેસ્ટોરન્ટમાં અત્યાર સુધી જે દરોડાની પ્રક્રિયા કોઈ દિવસ થઈ ન હતી તે હવે થતી જોવા મળી છે એટલું જ નહીં આ બધી જગ્યાઓ પર હાલ જે રીતે અખાદ્ય જથ્થો મળી રહ્યો છે તેનાથી એ વાત તો સ્પષ્ટ થઈ છે કે રાજકોટમાં એક નહીં આ પ્રકારની અનેકવિધ એવી રેસ્ટોરન્ટ છે કે જે લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડા કરતી હોય.



# હાઈવે પરના દબાણો દૂર કરવા કલેક્ટરની તાકીદ

## હાઈવે સેફટી ટાસ્કફોર્સની બેઠકમાં સંબંધિત વિભાગના અધિકારીઓને સૂચિત કરતા કલેક્ટર, કામગીરી પર રખાશે ચાપતી નજર




રાજકોટ, તા.૧૯

માત્ર શહેર અને જિલ્લામાં જ નહીં પરંતુ હાઈવે ઉપર દબાણનો રાફડો ફાટયો છે આ અંગે અનેક વખત રજૂઆત પણ કરવામાં આવી છે કે તાકીદે આ પ્રકારના દબાણો દૂર કરવામાં આવે જેમાં મુખ્યત્વે હાઈવે પરની હોટલો સહિત અન્ય દબાણોનું પ્રમાણ છેલ્લા ઘણા સમયથી જોવા મળી રહ્યું છે જેના પર યોગ્ય કાર્યવાહી કરવામાં તંત્ર નિષ્ફળ નીવડ્યું હોય તેવું જાણવા મળ્યું છે. અગાઉ પણ કલેક્ટર દ્વારા સંબંધિત વિભાગોને સૂચિત કરી એક ખાસ યાદી બનાવી આ તમામ દબાણોને દૂર કરવાનો નિર્ણય લીધો હતો પરંતુ જે કામગીરી ગતિથી થવી જોઈએ તે થઈ શકી ન હતી ત્યારે ગઈકાલે રાજકોટ કલેકટરના અધ્યક્ષ સ્થાને ટાસ્ક ફોર્સ કમિટીની બેઠક મળી હતી.


સુપ્રીમ કોર્ટની સૂચના મુજબ હાઈવેના 'રાઈટ ઓફ વે' ની અંદરના ગેરકાયદેસર ખાણીપીણીના ધાબા, અન્ય વાણિજ્યક એકમો ૬૦ દિવસમાં દૂર કરવા તેમજ અન્ય નવા બાંધકામો પર પ્રતિબંધ લગાવવા કલેક્ટરે સંબંધિત હાઈવે ઓથોરિટીને સૂચના આપી હતી. વધુમાં હાઈવે પર ગેરકાયદે તોડવામાં આવતા મીડીયમ ગેપને બંધ કરી આસપાસની હોટલ, પંપ વિરુદ્ધ સખ્ત પગલાં લેવા પણ સૂચના આપી હતી.

હાઈવે સેફટી ટાસ્ક ફોર્સ દ્વારા બ્લેક સ્પોટ સુધારણા અંતર્ગત હાઈ ઈન્ટેન્સિટી લાઈટિંગ, કેમેરા લગાવવા તેમજ એન્જિનિયરિંગની દ્રષ્ટિથી રોડ સુધારણા કરવા માટે પણ કલેક્ટરએ સંબંધિત વિભાગને સૂચના આપી હતી.

જેમાં ખાસ કરીને રોડ પરના ખાડા પુરવા, અનિયમિત એન્ટ્રી - એક્ઝિટ બંધ કરવા, જરૂરી માર્ગદર્શક સાઈનેજીસ લગાડવા, રોડ પર પટ્ટા લગાવવા સહિતની કામગીરી પણ સામેલ છે. ટાસ્ક ફોર્સ અંતર્ગત હાઈવે પોલીસ તેમજ આર.ટી.ઓ. વિભાગ દ્વારા સર્વેલન્સ વધારવા પણ કલેક્ટરશ્રીએ આ તકે સૂચના આપી હતી. કલેકટર દ્વારા સુપ્રીમ કોર્ટની સૂચના અન્વયે તમામ વિભાગ કામગીરી કરી તેનું રિપોર્ટિંગ કરે તે માટે પણ ખાસ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. હાલ દબાણ ો કઈ રીતે દૂર કરવામાં આવી રહ્યા છે તે અંગેની કામગીરી ઉપર બાજ નજર રાખવામાં આવશે સાથોસાથ અન્ય સૂચનો પણ કલેકટર દ્વારા આપવામાં આવ્યા હોવાનું વહીવટી વિભાગના સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે અને તેની પણ અમલવારી તાકીદે થાય તે માટેનું આયોજન પણ કરાશે.

આ બેઠકમાં આર.ટી.ઓ .અધિકારી આઈ. એસ. ટાંક, રોડ સલામતી એક્સપર્ટ જે.વી. શાહ, રાજકોટ રૂરલ ડી.વાય.એસ.પી. વી.જે. વ્યાસ, ચીફ ઓફિસરઓ, રાજકોટ ગ્રામ્ય પોલીસ અધિકારી તેમજ નેશનલ હાઈવે ઓથોરિટી, ડિવિઝન, માર્ગ અને મકાન વિભાગ, રાજકોટ મહાનગરપાલિકા સહિતના વિભાગના અધિકારીઓ જોડાયા હતાં.

# ભક્તિનગર આસપાસની ૩૦ સોસાયટીઓમાં અશાંતધારાની મુદત લંબાવવા દરખાસ્ત




### મહેસુલ તથા ગૃહ વિભાગને દરખાસ્ત કરતા કલેક્ટર પાંચ વર્ષ મુદત લંબાવવા માંગ

રાજકોટ, તા. ૧૯

રાજકોટમાં ઘણી ખરી સોસાયટીઓમાં અશાંતધારાની મુદત પૂર્ણ થતી હોવાથી તેને ફરી વખત લંબાવવામાં આવે તેવું જાણવા મળ્યું છે ત્યારે ભક્તિનગર પોલીસ સ્ટેશન વિસ્તારની આસપાસ ૩૦ જેટલી વિવિધ સોસાયટીઓમાં અશાંતધારાની મુદત ૨૭મી એ પૂર્ણ થઈ રહી છે ત્યારે વહીવટી વિભાગ દ્વારા મુદત લંબાવવા માટેની દરખાસ્ત હાલ રાજ્ય સરકારના મહેસુલ અને ગૃહ વિભાગને મોકલી દેવામાં આવી હોવાનું પણ હાલ જાણકાર વર્તુળો ચરચી રહ્યા છે.

ભકિતનગર પોલીસ સ્ટેશન હેઠળની નિલકંઠ પાર્ક સોસાયટી, મેહુલનગર, દેવપરા, ગોકુલનગર, મેઘાણીનગર, ગોવિંદનગર, ન્યુ કેદારનાથ, સર્વોદય સોસાયટી, ન્યુ સર્વોદય સોસાયટી, સોરઠીયાવાડી વિસ્તાર સોસાયટી, વિવેકાનંદ, સાગર સોસાયટી, ન્યુ સાગર સોસાયટી, કેદારનાથ સોસાયટી, પુનિત સોસાયટી, પટેલનગર, મહેશ્વરી સોસાયટી, પરસાણા સોસાયટી, નવદુર્ગા રોડ, તક્ષશીલા સોસાયટી, યાદવનગર, સીયાણી સોસાયટી, ભોજલરામ, મારૂતીનગર, સીતારામ સોસાયટી, રાધા-ક્રિષ્નાનગર, હુડકો અને દિપ્તીનગર એમ કુલ ૩૦ સોસાયટીમાં ભૌગોલીક સ્થિતિને લક્ષમાં રાખી સુલેહશાંતી જળવાય રહે તે માટે રાજય સરકાર દ્વારા ગત તા.૨૭ જુન ૨૦૨૨ના અશાંતધારો લાગુ કરવામાં આવેલ હતો.

જેની પાંચ વર્ષની મુદત આગામી તા.૨૭ જુનના રોજ પૂર્ણ થઈ રહી હોય આ તમામ ૩૦ સોસાયટી વિસ્તારમાં અશાંતધારાની મુદત લંબાવવા જિલ્લા કલેકટર ડો. ઓમપ્રકાશ દ્વારા રાજય સરકારના મહેસુલ અને ગૃહ વિભાગને દરખાસ્ત મોકલી આપવામાં આવેલ હોવાનું કલેકટર તંત્રના સુત્રોએ જણાવ્યું હતું. અહીં એ ઉલ્લેખનીય છે કે, અશાંતધારા વાળા વિસ્તારોમાં મિલ્કતોના ખરીદ-વેચાણ માટે કલેકટર તંત્રની મંજૂરી લેવી ફરજિયાત કરવામાં આવી છે. આ મંજૂરી લીધા વગર દુકાન-મકાન સહિતની મિલ્કતોનું વેચાણ કરી શકાતું નથી. અશાંત ધારા હેઠળ શહેરના અન્ય વિસ્તારોને આવરી લેવા માટે ધારાસભ્યો દ્વારા અગાઉ કલેકટર તંત્ર અને રાજય સરકારમાં રજૂઆત કરવામાં આવી હતી પરંતુ અશાંતધારામાં સરકાર દ્વારા હજુ નવા વિસ્તારોનો સમાવેશ કરવામાં આવેલ નથી.

અશાંતધારાના મામલે હાલની સ્થિતિ યથાવત રહેવા પામી છે તાજેતરમાં શહેરના પશ્ચિમ વિસ્તાર એટલે કે ન્યુ રાજકોટની સોસાયટીમાં અશાંતધારાની મુદત પૂર્ણ થતા તેને કલેકટરની દરખાસ્ત બાદ રાજય સરકાર દ્વારા પાંચ વર્ષ માટે લંબાવી દેવામાં આવી છે. હવે ભકિતનગર પોલીસ સ્ટેશન હેઠળની ૩૦ સોસાયટીમાં પણ અશાંતધારાની મુદત આગામી તા.૨૭ જુનના રોજ પૂર્ણ થઈ રહી તેને પાંચ વર્ષ માટે લંબાવવા માટે જિલ્લા કલેકટર દ્વારા રાજય સરકારના મહેસુલ અને ગૃહવિભાગને દરખાસ્ત મોકલી દેવામાં આવી છે.

# ઈસ્ટ ઝોનના સિટી ઈજનેરનો ચાર્જ અઢિયાને સોંપાયો

### સ્માર્ટ સીટી, RSCDL, અર્બન પ્લાન સેલ, ટ્રાફિક, આવાસ યોજના, સીટી બસની જવાબદારી અગાઉથી જ હવે સીટી ઇજનેરનો પણ ચાર્જ

રાજકોટ, તા. ૧૯

મહાનગરપાલિકામાં ઘણા ખરા એવા વિભાગો છે કે જે લોકો સાથે સીધા જ જોડાયેલા હોય ત્યારે શહેરનો વિકાસ કઈ રીતે આગળ ધપાવવો તે માટે સીટી ઈજનેર નું કામ ખૂબ મહત્વનું માનવામાં આવતું હોય છે પરંતુ મહાનગરપાલિકાની વાત કરવામાં આવે તો એકમાત્ર સીટીઝનેસ રેગ્યુલર ચાર્જમાં છે બાકી અન્ય ઈન્ચાર્જના હવાલે કાર્ય કરી રહ્યા છે. રાજકીય વર્તુળોમાં એ વાતની ચર્ચાએ જોર પકડ્યું છે કે ઈન્ચાર્જના હવાલે આ મુખ્ય પોસ્ટ હોવાથી જે કામ ઝડપથી થવા જોઈએ તે થઈ શકતા નથી. ત્યારે ફરી વખત ગઈકાલે ઈસ્ટ ઝોન કચેરીના સીટી ઈજનેર નો વધારાનો ચાર્જ પરેશ અઢિયાને સોંપવામાં આવ્યો છે અગાઉ પણ તેઓ ઈન્ચાર્જ તરીકે ઈસ્ટ ઝોનની કામગીરી સંભાળી હતી. મહાનગરપાલિકામાં ઘણી મહત્વની જગ્યાઓ ઈન્ચાર્જના હવાલે છે ત્યારે તેને રેગ્યુલર ચાર્જ આપવામાં આવે તે માટેની અનેક રજૂઆતો પણ થઈ ચૂકી છે પરંતુ આજ દિન સુધી તેનો યોગ્ય નિવેડો આવી શક્યો નથી. હાલ જાણવા મળ્યું છે કે મહાનગરપાલિકા ઘણી ખરી જગ્યાઓ માટેની ભરતી કરશે પરંતુ સરકારમાં પણ ખાસ મનપાના હોદ્દેદારો દ્વારા રજૂઆત કરવામાં આવે તે અત્યંત જરૂરી છે.

રાજકોટ શહેરનો વિકાસ દિન પ્રતિદિન વધી રહ્યો છે ત્યારે માળખાગત સુવિધાઓની સાથો સાથ લોકોને પારાવાર મુશ્કેલીનો સામનો ન કરવો પડે તે માટેની જવાબદારી પણ સ્થાનિક પ્રશાસનની છે તે સમયે મહાનગરપાલિકાની હત્યંત મહત્વની ગણાતી સીટી ઈજનેરની જગ્યા ઈન્ચાર્જના હવાલે હોય તે યોગ્ય નથી જેને લઈને હાલ આંતરિક ગણગણાટ શરૂ થઈ ચૂક્યો છે. પૂર્વ ઝોનમાંથી શ્રીવાસ્તવ નિવૃત્ત થાય બાદ આ જગ્યા ખાલી પડી હતી. ત્રણે ઝોનમાં લાંબા સમયથી ઈન્ચાર્જ સીટી ઈજનેર જ છે. થોડા દિવસો પહેલા આ ઝોનના ડે.ઈજનેર સીતાપરાને ચાર્જ સોંપવા હુકમ તૈયાર થયો હતો. પરંતુ આ હુકમ કેન્સલ કરાયો હતો.

હવે કમિશનરે આ ઝોનનો ચાર્જ પી.ડી.અઢીયાને સોંપ્યો છે. પૂરા મહાનગરમાં કાયમી સીટી ઈજનેર તરીકે એક માત્ર પી.ડી.અઢીયા છે. તેમની પાસે સ્માર્ટ સીટી, આરએસસીડીએલ, અર્બન પ્લાન સેલ, ટ્રાફિક, આવાસ યોજના, સીટી બસ, અમૃત સહિતની સરકારી યોજનાઓ, અર્બન ફોરેસ્ટ, આજી રીવરફ્રન્ટ સહિતના હવાલા રહેલા છે. હવે તેમને પૂરા ઈસ્ટ ઝોનનો છઠ્ઠો મોટો ચાર્જ સોંપાયો છે તે ઉલ્લેખનીય છે.

ઈન્ચાર્જ અધિકારીઓ પાસે પણ બેથી વધુ વિભાગોનો ચાર્જ સોંપવામાં આવતો હોય છે ત્યારે એ વાત તો પાકી છે કે જ્યાં સુધી યોગ્ય કામની વહેંચણી કરવામાં ન આવે ત્યાં સુધી યોગ્ય નિર્ણય આવી શકે નહીં એટલું જ નહીં બીજી મહત્વની વાત એ છે કે મુખ્ય કામગીરી પણ વિવિધ કારણોસભર અટકી પડે તેવું હાલ જાણવા મળ્યું છે.

# વોર્ડ ૪માં ESR ટેન્ક ઉભો કરવા AAPના આગેવાનોની માંગ

### રાહુલ ભુવા સહિતના કાર્યકરોએ મેયર - સ્ટેન્ડિંગ ચેરમેનને પાઠવ્યું આવેદન




રાજકોટ, તા. ૧૯

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી દરમિયાન વોર્ડ નંબર ચારના આપ ઉમેદવાર ની પેનલ અત્યંત ભરોસા મંત અને શિક્ષિત હોવાની ચર્ચા એ જોડ પકડ્યું હતું અને સમાચાર પત્રોમાં પણ આ વોર્ડમાં આમ આદમી પાર્ટીનું ઝાડું ફરી વડે તેવું ચર્ચાયું હતું. પરંતુ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપનો વિજય થયો અને વોર્ડ ચારમાં પેનલમાં ભાજપના ઉમેદવારો ચૂંટાયા. ત્યારે ફરી એક વખત વોર્ડ નંબર ચારમાં આમ આદમી પાર્ટીના આગેવાનો સક્રિય થયા છે અને તેમના વિસ્તારમાં પીવાના પાણીની મુશ્કેલી નો યોગ્ય હલ લાવવા માટે ગઈકાલે મહાનગરપાલિકામાં મેયર તથા સ્ટેન્ડિંગ ચેરમેનને આવેદનપત્ર પાઠવ્યું હતું અને યોગ્ય વ્યવસ્થા ઉભી કરવા અપીલ કરી હતી. તેઓના વિસ્તારમાં ઓવરહેડ સમ એટલે કે ઈએસઆર ઉભો કરવામાં આવે તેવી માંગણી કરી હતી.

પૂર્વ ઝોનમાં વોર્ડ નં.૪માં પાણીની મુશ્કેલી હોવાથી નવી પાણી વિતરણ વ્યવસ્થાનું નેટવર્ક બનાવવા આમ આદમી પાર્ટી દ્વારા મેયર અને સ્ટે.ચેરમેનને આવેદનપત્ર પાઠવી રજુઆત કરવામાં આવી હતી. આગેવાનોએ રજુઆત કરતા જણાવ્યું હતું કે, વોર્ડ નં.૪માં કુવાડવા રોડ, મોરબી રોડ, સેટેલાઇટ ચોક વિસ્તાર ઘણા વર્ષોથી વિકાસ પામી રહ્યો છે.

રહેણાંક અને કોમર્શિયલ વિસ્તાર સાથે વસ્તી પણ વધી છે અને ભવિષ્યમાં વધુ પાણીની જરૂરીયાત રહેવાની છે. આ સંજોગોમાં ૨૫ થી ૩૦ લીટર ક્ષમતાના ઓવરહેડ ટેન્ક (ઈએસઆર)નું નિર્માણ કરવું જરૂરી છે. સંગ્રહ ક્ષમતા, ફોર્સ સહિતના પ્રશ્નો ઉકેલાય શકે તેમ છે. આ સહિત પમ્પીંગ સ્ટેશન, મોરબી રોડ પર પાણી વિતરણ લાઇનના અપગ્રેડેશન, અંડર ગ્રાઉન્ડ, પાણીના ટાંકાના નિર્માણ, ઈન્ટીગ્રેટેડ વોટર ઈન્ફ્રા. માસ્ટર પ્લાન બનાવવા માંગણી કરવામાં આવી છે.

વોર્ડ નં.૪ના આ તમામ વિસ્તારો માટે માસ્ટર પ્લાન બનાવવા બજેટમાં પણ જોગવાઇ કરવા અને સ્માર્ટ વોટર મેનેજમેન્ટ સિસ્ટમ દાખલ કરવા ઈન્ચાર્જ રાહુલ ભુવા સહિતના આગેવાનોએ સૂચન કર્યુ છે. આમ આદમી પાર્ટી દ્વારા વોર્ડ નં.૪માં પાણી વિતરણ વ્યવસ્થા માટે મેયર અને ચેરમેનને આવેદનપત્ર પાઠવીને રજુઆત કરવામાં આવી હતી.

# વરસાદી ઝાપટાના ટ્રેલરથી જ તંત્રમાં દોડધામ

## મેયરે નગર સેવકોને વિસ્તારમાં પહોંચી શું કાર્ય કરી શકાય તે માટે કર્યા સૂચિત : પ્રિમોન્સૂન કામગીરીનો છેદ ઉડ્યો ?



રાજકોટ, તા. ૧૯

ગત સીઝનની જેમ આ વખતે રાજકોટમાં વરસાદ દરમિયાન પાણી ભરાવવાનો પ્રશ્ન ઊભો ન થાય તે હેતુસર પ્રિમોન્સૂનની કામગીરી કર્યાનું સંબંધિત વિભાગના અધિકારીઓ દ્વારા છેલ્લા ઘણા સમયથી રટણ ચાલી રહ્યું છે. આ વાતની ગંભીરતાને ધ્યાને લઈ મેયર દ્વારા પણ અનેક વખત અધિકારીઓને સૂચિત કરવામાં આવ્યા હતા કે પ્રીમોનસૂન કામગીરી યોગ્ય રીતે કરવામાં આવે જેથી રહેવાસીઓને કોઈપણ પ્રકારની મુશ્કેલીનો સામનો ન કરવો પડે. પરંતુ હાલની સાંપ્રત પરિસ્થિતિમાં જે વરસાદી ઝાપટા પડ્યા તેમાં જ ઘણાખરા રોડ ઉપર પાણી ફરી વળ્યું હતું અને તેનો નિકાલ કરવામાં તંત્ર નિષ્ફળ પુરવાર થયું હતું. ત્યારે આ તમામ પરિસ્થિતિઓને ધ્યાને લઈ મેયર નેહલ શુકલ દ્વારા ફરી વખત આ અંગે બેઠક બોલાવી હોવાનું પણ જાણવા મળ્યું છે. સૂત્રો દ્વારા જે વિગતો મળી રહી છે તેને ધ્યાને લેવામાં આવે તો એ વાત સ્પષ્ટ થઈ ગઈ કે જો વરસાદી ઝાપટામાં જ રાજકોટની આ પ્રકારની પરિસ્થિતિ નિર્માણ પામે તો જ્યારે ખરા અર્થમાં વરસાદ રેગ્યુલર વરસસે તો શું સ્થિતિ થશે .

રાજકોટમાં ભારે વરસાદી ઝાપટા વરસ્યા હતા. પરંતુ માત્ર ૮ મીમી જેટલા વરસાદમાં થોડી મીનીટો માટે ઘણા રસ્તા પર પાણી ફરી વળ્યા હતા. આ રીતે ચોમાસાનું ટ્રેલર જોવા મળતા મેયર ડો. નેહલ શુકલએ કોર્પોરેટરોને વિસ્તારમાં પહોંચીને ભારે વરસાદ વખતે શું કરવાનું થાય તે ચકાસવા અને ફોટો સાથે ફરિયાદો મોકલવા સૂચના આપી હતી તો કોર્પોરેટરો દોડતા જે તે વોર્ડના અધિકારીઓ પણ જયાં જયાં પાણી ભરાયા ત્યાં પહોંચી ગયા હતા. હાલ પ્રાથમિક તબક્કે મેયર દ્વારા તમામ નગરસેવકોને તેમના વિસ્તારોમાં જઈ જ્યાં પાણી ભરાવવાનો પ્રશ્ન ઉભો થઈ રહ્યો હોય ત્યાં સ્થળ તપાસ કરી કયા પ્રકારના પગલા લઈ શકાય જેથી વરસાદ દરમિયાન પાણીનો નિકાલ ઝડપી થઈ શકે તે માટે સૂચિત કર્યા હતા.

હાલ હંગામી ધોરણ ઉપર મેયર દ્વારા એવી પણ વ્યવસ્થા ઊભી કરવામાં આવી હોવાનું માલુમ પડ્યું છે કે જ્યાં જે મુખ્ય માર્ગો પર પાણી ભરાતા હોય ત્યાં સંબંધિત વિભાગના કર્મચારીઓને કરાશે જેથી પાણી નિકાલનું કાર્ય ઝડપથી થઈ શકે બાકી તેઓએ પણ વાસ્તવિકતા સ્વીકારતા જણાવ્યું હતું કે જે વિસ્તારમાં અસહ્ય પાણીનો ભરાવો થશે તો તે ઉતરે તેની જ વાટ જોવી પડશે કારણ કે તે માટેની હજુ સુધી કોઈ યોગ્ય વ્યવસ્થા ઉભી થઈ શકી નથી.

ગઈકાલે સાંજે વરસાદી ઝાપટા બાદ નેહલભાઇ મેયર બંગલે ગયા હતા. આ સમયે મેયર બંગલા રોડ પર જ વરસાદી પાણી ભરાયાનું દેખાતા તેમણે તુરંત તમામ કોર્પોરેટરોને મેસેજ કર્યા હતા અને પોત પોતાના વિસ્તારમાં કયાં પાણી ભરાયા છે અને ૧૮ વોર્ડમાં કયાં કયાં વધુ પાણી ભરાઇ તેવી ચિંતા છે તે જોવા કહ્યું હતું. અનેક કોર્પોરેટરોએ સ્થળ પર ગયા બાદ ફોટો અને વિડીયો મોકલ્યા હતા.

આ તમામ ફરિયાદો મેયર દ્વારા ઈજનેરોને પહોંચાડવામાં આવી હતી. દરમ્યાન ઝાપટા વચ્ચે સ્ટે.ચેરમેન પરેશ પીપળીયા કોર્પોરેશન કચેરીએ પહોંચતા મનપા ચોકમાં જ વરસાદી પાણી ભરાયેલુ દેખાયું હતું. આથી તેઓએ તત્કાલ અધિકારીઓને કચેરી પાસેથી જ સમસ્યાનો ઉકેલ શોધવા સૂચના આપી હતી. બાદમાં તેમણે કુવાડવા રોડ, સંત કબીર રોડ સહિતના વિસ્તારમાં પાણી ભરાવવા અંગે તત્કાલ તપાસ કરાવી હતી અને કોર્પોરેટરો તથા ઈજનેરોને સ્થળ તપાસમાં મોકલ્યા હતા.

મેયર અને ચેરમેન બંનેએ ચોમાસામાં વરસાદી પાણી ભરાય તો પણ તત્કાલ નિકાલ થાય અને લોકોને ઓછામાં ઓછી તકલીફ પડે તે રીતે તૈયાર રહેવા કોર્પોરેટરો અને અધિકારીઓને સૂચના આપી છે.

રાજકોટ મિરર તંત્રીની કલમે

# નાલાયકીના પાઠ ભણ્યા

## ફીંડલા વાળવાની પરંપરાથી રેંગીગ ઘટના વધવા લાગી



શિક્ષણનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓનું જીવન ઘડતર કરવાનો છે. હાલ વ્યવસાય બની ગયેલું શિક્ષણ વિદ્યાર્થીઓ - વાલીઓ પણ કારકિર્દીના ઉદ્દેશને જ ફોકસ કરે છે. ઉચ્ચ શિક્ષણમાં તો મોટાભાગે છાત્ર નાલાયકીના પાઠ ભણતા હોય છે ગુજરાત એજ્યુકેશનનું હબ બની ગયું છે પણ મોટાભાગે નાલાયકીનો માહોલ જ છવાયેલો છે. રેંગીગ જેવી ઘટનાઓ સામાન્ય બની ગઈ છે. તાજેતરમાં અમદાવાદમાં થયેલા રેંગીગનો મુદ્દો ગાજતો હતો. ત્યાં ભાવનગર મેડિકલ કોલેજમાં તાલીબાની સ્ટાઈલથી રેંગીગની ઘટનાનો ઘટસ્ફોટ થયો છે. આ અંગે જાહેર થયેલી વિગતો પ્રમાણે છ સિનિયરએ ૧૩ જુનિયર વિદ્યાર્થીનું છ મહિના સુધી ભયાનક રેંગીગ કર્યું હતું

ભૂતકાળમાં પણ રેંગીગની અનેક ઘટનાઓ બની છે. ઈતિહાસ પર નજર કરો તો મોટાભાગની ઘટનાઓનું ફીંડલું વળી ગયું છે. અમુક ઘટનામાં સામાન્ય સજા કરીને પ્રકરણો આટોપી લેવામાં આવ્યા છે. જે તે સંસ્થાથી માંડીને શિક્ષણ તંત્ર આવી ઘટનાઓની અનદેખી કરે છે. અને પ્રકરણ જાહેર ન થાય તેવા પ્રયાસો કરે છે. આવા શૈક્ષણિક આગેવાનોના કારણે નાલાયકીને પ્રોત્સાહન મળી રહ્યું છે. ઘટનાઓ દાબી દેવાની વૃત્તિ ધરાવનારા લોકો જ મુખ્ય ગુનેગાર ગણાય. ઘટના જાહેર થયા બાદ તપાસના નામે લાંબા નાટક ચાલે છે. દોષિત ઠરે તો ઠપકો કે સામાન્ય સજા કરીને પ્રકરણ આટોપી લેવામાં આવે છે. મોટાભાગની શૈક્ષણિક સંસ્થાઓ સાથે રાજકારણીઓ સંકળાયેલા હોય છે, અધિકારીઓના પણ સેટિંગ હોય છે. આ કારણે શિક્ષણની પથારી ફરી રહી છે. રેંગીગથી માંડીને અન્ય બદીઓ મોટાભાગે દબાઈ જાય છે. ભાવનગરમાં મેડિકલ કોલેજમાં છ મહિનાથી તાલીબાની રેંગીગ ચાલતું હતું. આટલો લાંબો સમય સંચાલકો અંધારામાં રહ્યા તે માની શકાય તેવી બાબત છે ? ખરેખર અંધારામાં રહ્યા હોય તો તે કોલેજના સંચાલનને લાયક નથી, તેને ફગાવી દેવા જોઈએ. જો કે રેંગીગનો ભોગ બનેલા છાત્રોએ સ્થાનિક તંત્રને ફરિયાદ કર્યાનું જાહેર થયું છે. પગલાં ન લેનાર સંચાલકોને સજા કરવામાં કેમ આવતી નથી ? મેડિકલ લાઈનમાં એડમિશન મેળવવું અઘરું છે, ખૂબ ખર્ચાળ છે. મોટાભાગના વાલીઓ પેટે પાટા બાંધીને સંતાનોને મેડિકલ કોલેજમાં મોકલતા હોય છે. ત્યાં રાક્ષસો તેનું રેંગીગ કરીને શારીરિક માનસિક રૂપે તોડી નાખે છે. આવા તત્વો તાત્કાલિક જેલના સળિયા ગણતા થવા જોઈએ. ગુજરાતમાં ક્રાઈમના અતિ ગંભીર પ્રકરણોના ફીંડલા વાળી દેવાની પરંપરા બંધ થવી જોઈએ. રેંગીગ જેવી ઘટનાઓ બને તો સંસ્થા પણ સીલ થવી જોઈએ.

# ગ્રેટ નિકોબાર પ્રોજેક્ટમાં નથી પારદર્શકતાઃ રમેશ

## જયરામ રમેશે શુક્રવારે ગ્રેટ નિકોબાર આઈલેન્ડ પ્રોજેક્ટ અંગે પર્યાવરણ મંત્રી ભૂપેન્દ્ર યાદવને પત્ર લખ્યો



નવીદિલ્હી, તા. ૧૯

કેન્દ્ર સરકાર તેના મહત્વાકાંક્ષી ગ્રેટ નિકોબાર પ્રોજેક્ટને આગળ ધપાવી રહી છે, જેનો ઉદ્દેશ્ય આંદામાન સમુદ્ર અને દક્ષિણપૂર્વ એશિયામાં ભારતની હાજરીને મજબૂત બનાવવાનો છે, પરંતુ તેનાથી પર્યાવરણને નોંધપાત્ર નુકસાન થઈ રહ્યું હોવાનો પણ આરોપ છે. કોંગ્રેસ પાર્ટીએ આ અંગે સતત ચિંતા વ્યક્ત કરી છે, અને રાહુલ ગાંધીએ પણ આ પ્રોજેક્ટની ટીકા કરી છે. જયરામ રમેશે શુક્રવારે ગ્રેટ નિકોબાર આઈલેન્ડ પ્રોજેક્ટ અંગે પર્યાવરણ મંત્રી ભૂપેન્દ્ર યાદવને પત્ર લખ્યો હતો, જેમાં પ્રોજેક્ટની પારદર્શિતાનો અભાવ દર્શાવવામાં આવ્યો હતો. તેમણે એમ પણ કહ્યું હતું કે પ્રોજેક્ટના વિવિધ પાસાઓનું પર્યાવરણીય અસર મૂલ્યાંકન ''સ્પષ્ટ રીતે અપૂરતું'' છે.

ભૂતપૂર્વ પર્યાવરણ મંત્રી રમેશનો આ નવો પત્ર છેલ્લા કેટલાક વર્ષોમાં પ્રોજેક્ટ પર તેમની અને કેન્દ્રીય મંત્રી યાદવ વચ્ચે થયેલી અનેક વાતચીતોને અનુસરે છે. તેમના નવા પત્રમાં, કોંગ્રેસના નેતાએ કહ્યું, ''હું ૧૩ જૂનના મારા ૩ જૂનના પત્રના જવાબ માટે ખૂબ આભારી છું, જોકે તે નિરાશાજનક અને અસંતોષકારક છે. જો કે, મને ફરી એકવાર કહેતા દુઃખ થાય છે કે ગ્રેટ નિકોબાર આઈલેન્ડ પ્રોજેક્ટના વિવિધ પાસાઓનું પર્યાવરણીય અસર મૂલ્યાંકન સ્પષ્ટપણે અપૂરતું છે. તે પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય દ્વારા નક્કી કરાયેલ માર્ગદર્શિકાથી ઘણું નીચે છે.'' રમેશે કહ્યું કે આ વિગતો તેમના અગાઉના પત્રમાં આપવામાં આવી હતી, જેનો મંત્રી પાસે ''કોઈ ઉપયોગી જવાબ નહોતો.'' તેમણે કહ્યું, ''તમે કહો છો કે પર્યાવરણીય મંજૂરી માટે સતત દેખરેખ રાખવામાં આવી રહી છે. પરંતુ આ સંદર્ભમાં, હું તમારા વિચારણા માટે આ મુદ્દો ઉઠાવવા માંગુ છુંઃ દર છ મહિને પાલન અહેવાલો જાહેર કરવા જરૂરી છે. જો કે, માર્ચ ૨૦૨૪ પછી આવો કોઈ પાલન અહેવાલ જારી કરવામાં આવ્યો નથી. પ્રોજેક્ટ મોનિટરિંગ સમિતિની બેઠકોના મિનિટ્સ પણ તે થયાના મહિનાઓ પછી અપલોડ કરવામાં આવી રહ્યા છે.''કોંગ્રેસ નેતાએ કહ્યું કે પર્યાવરણીય મંજૂરી માટે ૧૧ નવેમ્બર, ૨૦૨૨ ના રોજ મંજૂરી મળ્યાના ૧૫ દિવસની અંદર સંરક્ષણ અને શમન યોજનાઓ સબમિટ કરવાની જરૂર છે, પરંતુ આ યોજનાઓ હજુ સુધી જાહેર કરવામાં આવી નથી. આમાં વાઈલ્ડલાઈફ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઠ્ઠઈ) અને સલીમ અલી સેન્ટર ફોર ઓર્નિથોલોજી દ્વારા તૈયાર કરાયેલ યોજનાઓનો સમાવેશ થાય છે.રમેશે કહ્યું કે આમાંની કેટલીક સંસ્થાઓને પર્યાવરણીય મૂલ્યાંકન સમિતિની ભલામણોને સમાવિષ્ટ કર્યા પછી દેખરેખ અને શમન યોજનાઓ સબમિટ કરવાનું કહેવામાં આવ્યું છે. તેમને સુધારેલા દરખાસ્તો સબમિટ કરવાનું કહેવામાં આવ્યું હતું. આ યોજનાઓ પણ જાહેર જનતા માટે ઉપલબ્ધ નથી. વધુમાં, એ વિચિત્ર છે કે આવી યોજનાઓ સંબંધિત સમિતિના મૂલ્યાંકન પછી સબમિટ કરવામાં આવી હશે, જે તેમની પર્યાપ્તતા અને વિશ્વસનીયતા પર શંકા પેદા કરે છે. હાલના અને વધારાના અભ્યાસો પર આધારિત અપડેટેડ પર્યાવરણીય વ્યવસ્થાપન યોજના પણ જાહેરમાં ઉપલબ્ધ નથી. તેમણે કહ્યું, ''જ્યાં સુધી હું શોધી શકું છું, વિવિધ સંસ્થાઓ તરફથી ઓછામાં ઓછા ૧૨ આવા અભ્યાસો છે. ઘણા અભ્યાસો હજુ પણ બાકી છે, જે સાબિત કરે છે કે પર્યાવરણીય મંજૂરી અકાળે અને ઉતાવળમાં આપવામાં આવી હતી. જ્યારે કોરલ વસાહતોના મોટા પાયે સ્થાનાંતરણ જેવી કેટલીક શમન યોજનાઓ સ્પષ્ટપણે અવાસ્તવિક અને લગભગ અશક્ય છે.'' કોંગ્રેસના નેતાએ કહ્યું કે તેમણે અગાઉ વિનંતી કરી હતી કે નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ (ગત્રઝ) દ્વારા નિયુક્ત ઉચ્ચ-શક્તિવાળી સમિતિ (ઈઝ્ઝ) નો અહેવાલ નેશનલ સેન્ટર ફોર સસ્ટેનેબલ કોસ્ટલ મેનેજમેન્ટના ક્ષેત્ર સર્વે સાથે જાહેર કરવામાં આવે, જેના પર પ્રસ્તાવિત ટ્રાન્સશિપમેન્ટ પોર્ટના કોસ્ટલ રેગ્યુલેશન ઝોન દરજ્જા અંગે ઈઝ્ઝનો શંકાસ્પદ નિષ્કર્ષ આધારિત હતો. રમેશે કહ્યું, ''આખરે, હું જે કંઈ જાહેર કરવા માંગુ છું તે કોઈ પણ રીતે મુખ્ય વ્યૂહાત્મક ઉદ્દેશ્યની સિદ્ધિમાં અવરોધ નથી લાવતું, અને ગ્રેટ નિકોબાર આઈલેન્ડ પ્રોજેક્ટ સાથે પણ આવું જ બન્યું છે. તેના પર્યાવરણીય અસર મૂલ્યાંકન અને તેના ગંભીર ઈકોલોજીકલ પરિણામો વિશેની વાજબી ચિંતાઓ વિશેના ગંભીર પ્રશ્નો તમારા દુઃખદ અને ટાળી શકાય તેવા પ્રતિભાવોને કારણે અનુત્તરિત અને વણઉકેલાયેલા રહ્યા છે.'' તેમણે ઉમેર્યું, ''હું સમજી શકતો નથી કે અહેવાલો, અભ્યાસો અને યોજનાઓ છુપાવવા માટે આટલી બધી બિન-પારદર્શિતાનો ઉપયોગ કેવી રીતે થઈ રહ્યો છે.

# સરહદ વિવાદ ફરી વકર્યો

## BSF કાર્યવાહીથી ભારત-બાંગ્લાદેશ આમને સામને



નવીદિલ્હી, તા. ૧૯

ભારત-બાંગ્લાદેશ સરહદ પર તણાવનો મુદ્દો ફરી એકવાર સમાચારમાં છે. બાંગ્લાદેશના ગૃહમંત્રી સલાહુદ્દીન અહેમદે સંસદમાં ભારતીય સરહદ સુરક્ષા દળ (ઈજ્ઞ્ર) ની કાર્યવાહીને ''માનવ અધિકારોનું સ્પષ્ટ ઉલ્લંઘન'' ગણાવ્યું હતું અને દાવો કર્યો હતો કે સરહદ પર બાંગ્લાદેશી નાગરિકોના મૃત્યુનો મુદ્દો નવી દિલ્હીમાં ઈજ્ઞ્ર અને બોર્ડર ગાર્ડ બાંગ્લાદેશ (ઈત્રજ્ઞ) વચ્ચે તાજેતરમાં યોજાયેલી બેઠકમાં ઉઠાવવામાં આવ્યો હતો. જોકે, આ મુદ્દા પર ભારતનું વલણ લાંબા સમયથી સ્પષ્ટ છે. નવી દિલ્હીનું કહેવું છે કે સરહદ પર મોટાભાગની ઘટનાઓ ગેરકાયદેસર ઘૂસણખોરી, દાણચોરી, માનવ તસ્કરી અને અન્ય સરહદ પારના ગુનાઓ સાથે સંબંધિત છે. ભારતીય સુરક્ષા એજન્સીઓ અનુસાર, દાણચોરો અને ગેરકાયદેસર ઘૂસણખોરો ઘણીવાર સુરક્ષા દળો પર હુમલો કરે છે, જેના કારણે તેમને સ્વરક્ષણમાં કાર્યવાહી કરવાની ફરજ પડે છે.૧૧ જૂનના રોજ નવી દિલ્હીમાં યોજાયેલી ચાર દિવસીય ડિરેક્ટર જનરલ-સ્તરની વાટાઘાટો દરમિયાન ભારતે પણ ખુલ્લેઆમ પોતાની ચિંતાઓ વ્યક્ત કરી હતી. ભારતીય પક્ષે ઈજ્ઞ્ર કર્મચારીઓ અને ભારતીય નાગરિકો પર હુમલાઓ, સરહદ વાડને નુકસાન અને ગેરકાયદેસર સરહદ ક્રોસિંગની ઘટનાઓ પર ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી. ભારત અને બાંગ્લાદેશ ૪,૦૯૬ કિલોમીટરની સરહદ ધરાવે છે, જેને વિશ્વની સૌથી જટિલ અને વ્યસ્ત આંતરરાષ્ટ્રીય સરહદોમાંની એક માનવામાં આવે છે. આ સરહદનો મોટો ભાગ પશ્ચિમ બંગાળ, આસામ, મેઘાલય, ત્રિપુરા અને મિઝોરમમાંથી પસાર થાય છે.હાલમાં, ભારત અને બાંગ્લાદેશ વચ્ચે કોઈ મોટા પ્રાદેશિક વિવાદો નથી. ૨૦૧૫ માં, બંને દેશોએ ઐતિહાસિક ભૂમિ સીમા કરાર લાગુ કરીને દાયકાઓ જૂના છિતમહલ વિવાદનો ઉકેલ લાવ્યો હતો. ત્યારથી, આનાથી મોટાભાગના સરહદ સીમાંકન મુદ્દાઓ દૂર થયા છે. આજે, બંને દેશો વચ્ચેના મુખ્ય વિવાદો સરહદ સુરક્ષા, ગેરકાયદેસર પ્રવૃત્તિઓ અને સરહદી મૃત્યુને લગતા છે. ભારત જાળવી રાખે છે કે તેની પ્રાથમિકતા સરહદને સુરક્ષિત કરવી અને સરહદ પારના ગુનાઓને રોકવાની છે. તાજેતરના વર્ષોમાં, ઈજ્ઞ્ર એ બિન-ઘાતક પગલાંનો ઉપયોગ વધાર્યો છે, પરંતુ સુરક્ષા એજન્સીઓ અહેવાલ આપે છે કે સક્રિય દાણચોરી નેટવર્ક અને ગેરકાયદેસર ઘૂસણખોરી એક મોટો પડકાર છે. સરહદ પર કાયમી શાંતિ માટે, બંને દેશોએ સંયુક્ત પેટ્રોલિંગ, વધુ સારી ગુપ્ત માહિતી શેરિંગ અને દાણચોરી વિરોધી કામગીરીમાં સહયોગ વધારવો જોઈએ. તો જ સરહદી હિંસા અને સંઘર્ષની ઘટનાઓ ઘટાડી શકાય છે. ભારત અને બાંગ્લાદેશ વચ્ચેની ૪,૦૯૬ કિલોમીટરની સરહદને વિશ્વની સૌથી જટિલ અને વ્યસ્ત આંતરરાષ્ટ્રીય સરહદોમાંની એક માનવામાં આવે છે. આ સરહદનો મોટો ભાગ પશ્ચિમ બંગાળ, આસામ, મેઘાલય, ત્રિપુરા અને મિઝોરમમાંથી પસાર થાય છે. બાંગ્લાદેશના ગૃહમંત્રી સલાહુદ્દીન અહેમદે સંસદમાં ભારતીય સરહદ સુરક્ષા દળ (ઈજ્ઞ્ર) ની કાર્યવાહીને માનવ અધિકારોનું સ્પષ્ટ ઉલ્લંઘન ગણાવ્યું છે.

# શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

## માનસ કબંધ

### રામચરિત માનસના કબંધનાં ચરિત્રનાં અર્થ અને બોધ ને કેમ ગ્રહણ કરીશું ?



માનસ કબંધની સાત્વિક તાત્વિક ચર્ચામાં પ્રવેશ કરતાં કહ્યું કે, કબંધનો આ પ્રસંગ અરણ્ય કાંડ અંતર્ગત છે. ભગવાન જાનકી અને લક્ષ્મણ સાથે તેર વર્ષ ચિત્રકૂટમાં રહ્યાં. લલિત નરલીલા કરવા માટે અરણ્ય કાંડના આરંભમાં ભગવાન, ચિત્રકૂટથી પ્રસ્થાન કરી અત્રિનાં આશ્રમમાં આવે છે, અને ત્યારબાદ ગોદાવરી નદીનાં તટ પર પંચવટીમાં રહે છે. પંચવટીમાં પ્રભુ આનંદથી રહે છે, લક્ષ્મણજી ભગવાનને પાંચ આધ્યાત્મિક પ્રશ્ન પૂછે છે, ભગવાન રામ સીતાની હાજરીમાં લક્ષ્મણની જિજ્ઞાસાઓનું સમાધાન કરે છે. અહીં સુધીનો સમય મંગલમય છે, પણ ત્યાર પછી આસુરી વૃત્તિ શરૂ થાય છે, શૂર્પણખા આવે છે, લક્ષ્મણ દ્વારા દંડિત થાય છે, એ ખરદૂષણને ઉશ્કેરે છે, ૧૪૦૦૦ રાક્ષસો સાથે ખરદૂષણ ભગવાન રામ પર હુમલો કરે છે. ભગવાન રાક્ષસોને એકબીજામાં રામના દર્શન કરાવીને સૌને નિર્વાણ આપે છે! કોઈ સંતનું કહેવું છે કે હકીકતમાં ખરદૂષણ એ આપણા રાગ અને દ્વેષ છે, અને માનવીય વૃતિમાં જ્યારે અંદરો અંદર રામના દર્શન થાય ત્યારે આ બે વૃત્તિ ખતમ થાય છે. ભગવાન પતંજલિએ રાગ દ્વેષને ક્લેશ કહ્યાં છે. ખરદૂષણનાં વિનાશ પછી શૂર્પણખા રાવણ પાસે જાય છે, રાવણને ઉશ્કેરે છે. માણસોની બહુ મોટી વિડંબણા છે, કે સાચા માણસ સામે ખોટું બોલે, અને ખોટા માણસો સામે સાચું બોલે! શૂર્પણખા જ્યારે પંચવટીમાં આવી ત્યારે રામ- પરમ સત્ય, લક્ષ્મણ- પરમ જાગૃતિ, અને સીતા- પરમ પ્રેમ. એ ભગવાન રામ પાસે એટલે કે પરમ સત્ય પાસે અસત્ય બોલવા લાગી, કે તમારાં સિવાય દુનિયામાં કોઈ પુરુષ નથી, અને મારાં જેવી સ્ત્રી તો દુનિયામાં છે જ નહીં!ઃ શૂર્પણખા વિવાહિત હતી, એના પતિને રાવણે મારી નાખ્યો હતો, એ વિધવા હતી, પરંતુ કહે છે હું કુંવારી છું! સતની સામે અસત. પરંતુ એ જ શૂર્પણખા રાવણની સભામાં રાવણ સામે સતનું ભાષણ કરે છે કે, રાવણ નીતિ વિના દુનિયામાં કોઈનું રાજ્ય ટકતું નથી, તું અનીતિ કરી રહ્યો છે. આવું કઈ રીતે સંભવ બને? પરંતુ દાદાજી કહેતાં કે લક્ષ્મણ જેવા જાગૃત પુરુષનો એને સ્પર્શ થઈ ગયો, લક્ષ્મણ એના નાક કાન કાપ્યા. ઈશ્વરને શોધવાની જરૂર નથી, પરંતુ કોઈ બુદ્ધ પુરુષને શોધો એનો સ્પર્શ થઈ જાય તો ઈશ્વર દર્શન થશે.

મનોવિજ્ઞાનનું એવું મંતવ્ય છે કે જો માણસ ચિંતા મુક્ત હોય તો, એ બારથી સાડા ત્રણ વાગ્યા સુધી પ્રગાઢ નિંદ્રામાં હોય છે. યોગીઓ પણ એમાં સુઈ જાય છે, પરંતુ એ સમયમાં જે જાગે એનું નામ સાહિબ છે! શું કામ જાગે છે! કોઈ ચિંતા છે એને? ના!; શંકરાચાર્યજીએ સાધન પંચક કહ્યું એ રીતે મેં મારી ગુરુમૂર્તિને જોઈ છે, એક જાગૃત મહાપુરુષનું મેં સતત સેવન કર્યું છે એમાંથી હું ભજન પંચકને પામ્યો છું. પાંચ પ્રકારનું ભજન જેનું હોય એ હરપલ જાગતા રહે છે! ચિંતાઓ આવે છે, પરંતુ અંદર ઘુસી શક્તિ નથી, કેમકે એ માણસ જાગી રહ્યો છે. ક્રોધ આવે પરંતુ એને ડિસ્ટર્બ નથી કરતો, એ માણસ જાગી રહ્યો છે. કામ આવે પરંતુ બાધા ઊભી નથી થતી, કેમ કે માણસ જાગી રહ્યો છે. પ્રલોભન અને સમૃદ્ધિઓનો ઢગલો થાય, પરંતુ એને વિક્ષેપ નથી કરી શકતા નથી, કેમકે એ માણસ જાગી રહ્યો છે. આંખના પલકારે પલકારે ભજન ચાલે, માણસ એક મટકું પણ મારે નહીં. બીજું એક રાગમાં ભજન ચાલે, એટલે કે માળાનાં મણકા ભજન કરે. ત્રીજું ડગલેને પગલે ધબકે ધબકે એક એક કદમ પર જેનું ભજન ચાલે. ચોથું હૃદયનો એક એક ધબકારો રામ સ્મરણ કરે, પાંચમું શ્વાસે શ્વાસે ભજન થતું હોય, આવું ભજન પંચક છે. એવો કોઈ બુદ્ધ પુરુષ જગને ખાતર જાગે છે, જે પ્રગાઢ નિંદ્રાનાં કાળમાં પણ જાગતો રહે છે.

શૂર્પણખાનાં કહેવાથી રાવણ જાનકીના અપરણ કરવા માટે તૈયાર થાય છે, અને રાવણ યોજના કરી, પરંતુ એ પહેલા પ્રભુએ યોજના કરી લીધી હતી. જાનકી અને રામજી એકલા બેઠા હતાં, લક્ષ્મણજી ફળફૂલ લેવાં માટે વનમાં ગયાં એ વખતે માનસમાં તુલસીએ પ્રભુનું નિવેદન લખ્યું છે.

તુમ્હ પાવક મહું કરહું નિવાસા,
જૌ લગી કરો નિસાચર નાસા,
સુનહું પ્રિયા વ્રત રુચીર સુસીલા,
મેં કછુ કરબિ લલિત નર લીલા.

પ્રભુએ જાનકીને કહ્યું કે અગ્નિમાં સમાઈ જાઓ. ભગવાનની ૧૪ વર્ષ જે લીલા ચાલી એમાં પ્રત્યેક દિવસની પ્રભુની લીલાની ખબર રોજ અયોધ્યા પહોંચતી હતી! કે આજે પ્રભુ એ શું કર્યું, અને એ રીતે જાનકીની અગ્નિમાં સમાઈ જવાની લીલા પણ અયોધ્યા પહોંચી, અને ગુરુ વશિષ્ઠ દ્વારા આ ચિઠ્ઠી જ્યારે વાંચવામાં આવી ત્યારે દરેકની આંખમાં આંસુ આવી ગયાં.

માણસ કબંધ આપણાં કેન્દ્રમાં છે, કબંધ એટલે શું? એક સાધુ કહે છે 'ક' એટલે કઠોર અને બં એટલે બંધન, કઠોર બંધનને કબંધ કહે છે. આપણે કોઈ પર કઠોર બંધન નાખીએ તો આપણે કબંધ! જગતમાં કઠોર વસ્તુઓ કંઈ છે? વ્યાસપીઠની નજરમાં લાકડું કઠોર છે! પણ પત્થર એનાથી પણ કઠોર છે! અને પત્થરથી પણ કઠોર લોઢું છે! લોઢાથી પણ કઠોર ઈન્દ્રનું વજ્ર, અને અતિ કઠોર સંવેદનમુક્ત માનવ મન. હું કોઈનું નામ નહીં લઉં! પણ જેની પર સમાજની જવાબદારી છે, એ લોકો કેટલાં સંવેદન શૂન્ય થઈ ચૂક્યાં છે! રામચરિત માનસ દબાયેલી, બુઝાયેલી સંવેદનાનાં ચિરાગ પ્રગટાવવાનું કાર્ય કરે છે.

શબરી કેં આશ્રમ પગુ ધારા! રામ ઘણાં આશ્રમોમાં ગયાં, પરંતુ અહીં કે પર અનુસ્વાર મુક્યો છે, કોઈ વિશેષ સંકેત છે, આશ્રમની વિશેષતા દર્શાવવા માટે! કોઈ સ્ત્રીને બાળક ન્હોય તો એ વાંજીયાપણું છે. પરંતુ આધ્યાત્મિક દ્રષ્ટિએ જિંદગી પૂરી થઈ ગઈ, છતાં આંગણામાં કોઈ સાધુ આવે નહીં તો એ આંગણું વાંઝિયુ છે. જેમાં હરિને યાદ કરીને આંસુ આવે નહીં, કોઈની પીડા જોઈને સંવેદના ફૂટે નહીં, કોઈની મદદ માટે પગ ઉપડે નહીં, તો એ પગ પંગુ છે. કથાનું પરમ સત્ય સાંભળવા માટે કાનથી જોવું પડે છે, અને આંખથી સાંભળવું પડે છે. જ્યાં સુધી માણસની ઈન્દ્રિય નહીં બદલે, ત્યાં સુધી કથાનો રસ નહીં આવે, ભગવત કથા ગાવા માટે જીભ નથી ચાલતી કોઈ બુદ્ધ પુરુષની વાણી ચાલે છે.

કબંધ એટલે કઠોર બંધન,બંધનના ત્રણ પ્રકાર છે, એક બંધન માયાનું, જેમાં આપણે સૌ બંધાયેલા છીએ. બીજું બંધન કાયાનું, અલબત્ત આત્મા સ્વતંત્ર છે, છતાં પણ જડ ચેતનની ગ્રંથી મુજબ એ બંધન છે! અને ત્રીજું બંધન છે કલ્પનાનો પ્રાસ બેસાડવા માટે ત્રીજું બંધન છાયાનું, એટલે મૃગજાળનું! જે છે નહીં એની પાછળની આપણી દોડનું બંધન. તો આ ત્રણ પ્રકારના બંધનને સંબંધ કહે છે.

એક કથા તો એવી છે કે દુર્વાસાએ ક્રોધને કારણે કબંધનું મસ્તક કાપી નાખ્યું હતું. ઉપનિષદનું ખૂબ જ મહિમાવત સૂત્ર છે કે, અતિ પ્રશ્ન કરે, એનો મસ્તક કાપી નાખવામાં આવશે. એટલે કે બુદ્ધપુરુષ મસ્તક કાપશે નહીં, પરંતુ એ વિચારશે કે એની પાસે ધડ જ છે, મસ્તક છે જ નહીં, મસ્તક હોય તો એમાં વિવેકી બુદ્ધિ પણ હોય!' કબંધના પાત્રમાંથી આપણે એટલી જ પ્રેરણા લેવાની છે કે, આપણે કબંધ ન બનીએ! પણ કદંબ બનીએ, કે જેની શાખા પર ક્યારેક કૃષ્ણ આવીને બેસશે, પ્રેમની ઘણી વૃતિઓ છે, એનું આવરણ ભગવાન ઉઠાવીને લઈ જાય, અને આપણે ધન્ય થઈએ. રામાવતારમાં પાંચ વૃક્ષ સંત છે, પીપળો, આંબો, જાંબુ, વટવૃક્ષ, અને લીમડો! જ્યારે કૃષ્ણાવતારમાં કદંબ સાધુ ચરિત છે. કથાના ક્રમમાં રામનામ મહિમાનું ગાન કરી બીજા દિવસની કથાને વિરામ આપ્યો.

સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

# કોર્ટ ફક્ત મુકદ્દમા માટે જ નથી

## વકીલો માટે કાર્યસ્થળ પણ : મહિલા વકીલોના ગૌરવ પર સુપ્રીમ કોર્ટની ટિપ્પણી



નવીદિલ્હી, તા. ૧૯

સુપ્રીમ કોર્ટે દેશભરમાં મહિલા વકીલો માટે કોર્ટ પરિસરમાં મૂળભૂત સુવિધાઓનો અભાવ અને યુવા વકીલોને નાણાકીય સહાયની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકાર, તમામ રાજ્યો અને સંબંધિત પક્ષોને નોટિસ ફટકારી છે. મહિલા વકીલોના એક જૂથે કોર્ટ સમક્ષ અરજી દાખલ કરીને આરોપ લગાવ્યો હતો કે મોટાભાગની હાઈકોર્ટ, જિલ્લા અદાલતો, તહસીલ અદાલતો, ટ્રિબ્યુનલ અને કમિશનમાં મહિલાઓ માટે પૂરતા પ્રમાણમાં મહિલા બાર રૂમ, સ્વચ્છ શૌચાલય, ચેન્જિંગ રૂમ, નર્સિંગ સુવિધાઓ અને અન્ય જરૂરી સુવિધાઓનો અભાવ છે. આનાથી મહિલા વકીલો માટે તેમની વ્યાવસાયિક ફરજો બજાવવામાં મુશ્કેલી પડે છે.સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે કોર્ટ પરિસર માત્ર કેસોની સુનાવણી માટેનું સ્થળ નથી પણ વકીલો માટે કાર્યસ્થળ પણ છે. તેથી, મહિલા વકીલો માટે સલામત અને આદરપૂર્ણ કાર્ય વાતાવરણ પૂરું પાડવું જરૂરી છે. કોર્ટે સ્વીકાર્યું કે આ મુદ્દો બંધારણની કલમ ૨૧ હેઠળ ગૌરવ સાથે જીવવા અને કામ કરવાના અધિકાર સાથે જોડાયેલો છે. સુનાવણી દરમિયાન, કોર્ટે યુવા વકીલો, ખાસ કરીને પ્રથમ પેઢીના વકીલો અને આર્થિક રીતે વંચિત પૃષ્ઠભૂમિના લોકો દ્વારા સામનો કરવામાં આવતા નાણાકીય પડકારો અંગે પણ ચિંતા વ્યક્ત કરી હતી. સુપ્રીમ કોર્ટે નવા વકીલોને તેમના શરૂઆતના વર્ષોમાં માસિક નાણાકીય સહાય પૂરી પાડવા માટે ''યુવા વકીલો વ્યાવસાયિક સહાય ભંડોળ'' અથવા ''યુવા વકીલો કોર્પસ ભંડોળ'' બનાવવાનું સૂચન કર્યું.સુપ્રીમ કોર્ટે નોંધ્યું કે કાનૂની પ્રેક્ટિસના શરૂઆતના વર્ષોમાં આવકનો કોઈ નિશ્ચિત સ્ત્રોત ન હોવાથી ઘણા પ્રતિભાશાળી યુવા વકીલો નાણાકીય દબાણને કારણે વ્યવસાય છોડી દે છે. આ ન્યાયિક પ્રણાલીને પણ નુકસાન પહોંચાડે છે. તેના સુધારેલા આદેશમાં, સુપ્રીમ કોર્ટે સૂચવ્યું કે વરિષ્ઠ અને સફળ વકીલો પાસેથી સ્વૈચ્છિક યોગદાન એકત્રિત કરી શકાય છે. કોર્ટે સૂચવ્યું કે યુવા વકીલોને પ્રથમ ત્રણ વર્ષ માટે નોંધપાત્ર માસિક સહાય મળી શકે છે. આ પછી, આ સહાય ધીમે ધીમે ઘટાડવી જોઈએ અને લગભગ છ થી સાત વર્ષ પછી દૂર કરવી જોઈએ, જેનાથી વકીલો આત્મનિર્ભર બની શકે અને સ્વતંત્ર પ્રેક્ટિસ સ્થાપિત કરી શકે. સુપ્રીમ કોર્ટે એમ પણ સૂચવ્યું કે જે વકીલો આ સહાયનો લાભ મેળવે છે તેઓ મજબૂત સ્થિતિ સ્થાપિત કર્યા પછી હપ્તામાં ભંડોળમાં તેમના યોગદાનની ચુકવણી કરી શકે છે, આમ સિસ્ટમ આત્મનિર્ભર બને છે. જો કે, કોર્ટે સ્પષ્ટતા કરી કે આ સૂચનો પ્રારંભિક અને દૃષ્ટાંતરૂપ છે, અને સંબંધિત પક્ષો સાથે પરામર્શ કર્યા પછી અન્ય વિકલ્પો પર વિચાર કરવામાં આવશે. આ મામલાના મહત્વને ધ્યાનમાં રાખીને, કોર્ટે તમામ રાજ્યોના એડવોકેટ જનરલ, કેન્દ્ર સરકારના એટર્ની જનરલ અને કેન્દ્રશાસિત પ્રદેશોના સ્ટેન્ડિંગ કાઉન્સેલ્સને આગામી સુનાવણીમાં હાજર રહેવાનો નિર્દેશ આપ્યો છે. સુપ્રીમ કોર્ટે દેશભરના કોર્ટ પરિસરમાં મહિલા વકીલો માટે મૂળભૂત સુવિધાઓનો અભાવ અને યુવા વકીલો માટે નાણાકીય સહાયની જરૂરિયાત સ્વીકારી છે. કોર્ટે કેન્દ્ર સરકાર, રાજ્યો અને સંબંધિત પક્ષોને નોટિસ જારી કરી છે, જેમાં મહિલા વકીલો માટે એક સન્માનજનક કાર્યસ્થળ અને યુવા વકીલો માટે ''યુવા વકીલો ભંડોળ'' સ્થાપવાનું સૂચન કરવામાં આવ્યું છે.

કુમળી વયના તરૂણ-તરૂણીઓ ઘણીવાર પરિવાર, પોલીસને લગાડી દે છે ધંધે

# છાત્રાએ સ્કૂલે ન જવા માટે ઘડ્યું છેડતીનું નાટક

## માતા-પિતા-અભીયમની ટીમે તપાસ કરતાં રીલ્સ બનાવવા માટે ઘરે રહેવું હોઈ નાટક ઉભુ કર્યાનું ખુલ્યું: બીજી ઘટનામાં છાત્રા ગાયબ થઈ, ફેસબૂક પર પોસ્ટ આવતાં ખબર પડી કે પ્રેમી ભગાડી ગયો છે!

રાજકોટ,તા.૧૯

ઘણીવાર સગીર વયના છોકરા છોકરીઓ એવુ કરતાં હોય છે જેના કારણે પરિવારજનો અને પોલીસ પણ ધંધે લાગી જતાં હોય છે. આવી જ એક ચોંકાવનારી ઘટના સામે આવી છે જેમાં એક સગીર વયની બાળાએ રીલ બનાવવાના ચક્કરમાં સ્કૂલે ન જવા માટે થઈને છેડતીનો સ્ટંટ ઉભો કર્યો હતો. તેણે માતા પિતા સમક્ષ એવી સ્ટોરી મુકી હતી કે માતા પિતા પણ ગભરાઈ ગયા હતા. પરંતુ ખરેખર દિકરી સાચ્ચુ બોલે છે કે કેમ? તેની તપાસ કરાવવા અભીયમની મદદ માંગતા અભીયમની ટીમે આવીને આ બાળાને વિશ્વાસમાં લઈને કેટલાક સવાલો પુછ્યા હતાં જે જાણીને પોલીસ અને પરિવારજનો પણ ચોંકી ગયા હતાં. શાળાએ ન જવા માટે છેડતીની કહાની આ સગીરાએ ઘડી કાઢી હોવાનું ખુલ્યું હતું. અન્ય એક બનાવમાં એક સગીરા ગાયબ થઈ ગઈ હતી. બાદમાં એક છોકરાએ ફેસબૂક પર પોસ્ટ મુકતાં તેમાં આ સગીરા પણ હોઈ તેણીને લગ્નની લાલચ આપી ભગાડી જવામાં આવ્યાની હકિકત સામે આવતાં તપાસ શરૂ થઈ હતી.



વિગતો પ્ર નજર કરીએ તો અમદાવાદની આ ઘટના છે. સતત રીલ બનાવવાની લતના કારણે મણિનગરમાં રહેતી સોળ વર્ષની સગીરાએ સ્કૂલ ન જવું પડે તે માટે અજાણ્યા યુવકો હેરાન કરતા હોવાની વાર્તા માતા-પિતા સમક્ષ ઘડી કાઢી હતી. માતા-પિતાને ગેરમાર્ગે દોરવા કરેલા આ પ્રયાસનું સત્ય જાણવા અભયમની મદદ માગી હતી. ટીમે સગીરાનું કાઉન્સેલિંગ કર્યું હતું. સગીરા માતા-પિતાને કહી હતી કે, હું જ્યારે સ્કૂલે જઉં છું ત્યારે રસ્તામાં એક અજાણ્યો યુવક પીછો કરી હેરાન કરે છે, જેથી હવે મારે સ્કૂલે જવું નથી. દીકરીની સલામતીને ધ્યાનમાં રાખી માતા-પિતાએ સ્કૂલમાં તપાસ કરી અને બાદમાં સગીરા જે રસ્તેથી સ્કૂલ જતી હતી રૂટ પર તપાસ કરી હતી, પરંતુ ક્યાંય કોઈ યુવક જોવા મળ્યો ન હતો.

આ પછી ઘરે આવ્યા બાદ માતા-પિતાએ સગીરાએ પુછ્યું તો તે ઝઘડો કરી રૂમમાં પુરાઈ ગઈ હતી. અંતે માતા-પિતાએ ૧૮૧ અભયમ હેલ્પલાઈનનો સંપર્ક કર્યો હતો. ટીમે સગીરાને સાઈબર સુરક્ષા અને ખોટી ફરિયાદની કાયદાકીય ગંભીરતા સમજાવી હતી. પૂછપરછમાં સગીરાએ કબૂલ્યું કે, રિલ બનાવવાની આદત પડી ગઈ હોવાથી અને અભ્યાસમાં મન લાગતું ન હોવાથી સ્કૂલે ન જવું પડે તે માટે આ વાર્તા ઘડી કાઢી હતી. અભયમની ટીમ ઘટનાસ્થળે પહોંચી ત્યારે સગીરા પોતાની વાત પર અડગ હતી. ટીમે જ્યારે આ બાબતે પોલીસ ફરિયાદ નોંધાવવાની તૈયારી બતાવી અને આ પ્રક્રિયાની કાયદાકીય ગંભીરતા તથા પોલીસ તપાસના પરિણામો વિશે સગીરાને જાણ કરી ત્યારે તે દબાણમાં આવી ગઈ હતી.

સતત બે કલાકના સઘન કાઉન્સેલિંગ બાદ આખરે હકીકત સ્વીકારી હતી કે સ્કૂલે ન જવું પડે તે માટે આખી વાર્તા ઉપજાવી કાઢી હતી. સગીરાએ આ આખો પ્લાન એક જાણીતી વેબસીરીઝમાં જોઈને બનાવ્યો હતો. સ્કૂલે ન જવું પડે તે માટે કોઈની નજરમાં ન આવી શકાય તેવો આ માર્ગ તેણે અપનાવ્યો હતો. ૧૮૧ના કાઉન્સેલરના જણાવ્યા અનુસાર, મનોવૈજ્ઞાનિકોના મતે, કિશોરાવસ્થામાં જોવા મળતી આવી વેબસિરીઝ કે કન્ટેન્ટની અસર બાળકની વિચારસરણી પર ઘેરી પડે છે. જ્યારે રીલ અને કાલ્પનિક કથાનકો વાસ્તવિકતા પર હાવી થઈ જાય ત્યારે આવા ગંભીર કિસ્સાઓ સામે આવે છે. બીજી તરફ વલસાડ જિલ્લાના પારડી પોલીસ મથક વિસ્તારમાં એક સગીરાનું લગ્નની લાલચ આપી અપહરણ કરવામાં આવ્યું હોવાનો કિસ્સો સામે આવ્યો છે. સગીરાની માતાએ રાજદિપ રાકેશ વસાવા નામના યુવક વિરૂધ્ધદ્ધ પારડી પોલીસ સ્ટેશનમાં અપહરણની ફરિયાદ નોંધાવી છે. ફેસબુક પર મુકાયેલી એક પોસ્ટના આધારે આ સમગ્ર મામલો પ્રકાશમાં આવ્યો હતો. પારડી વિસ્તારમાં રહેતી અને ધોરણ-૧૨ સાયન્સમાં અભ્યાસ કરતી સત્તર વર્ષીય સગીરા બપોરે ટ્યુશનથી ઘરે આવી હતી. સાંજે સવા છ વાગ્યે તે તેની બહેનપણી સાથે બહાર જમવા અને સ્કૂલનું કામ પુરુ કરવાનું કહીને ઘરેથી નીકળી હતી.

આ દરમિયાન સગીરાની માતાએ ફેસબુક પર રાજદિપ વસાવા નામની પ્રોફાઈલ પર એક પોસ્ટ જોઈ હતી. આ પોસ્ટમાં તેમની દીકરીને ટેગ કરવામાં આવી હતી અને તે દમણના દેવકા બીચની હોવાનું જણાયું હતું. શંકા જતાં માતાએ દીકરીને ફોન કર્યો, પરંતુ તેણે ફોન કાપી નાખ્યો અને પછી ફોન ઉપાડ્યો નહોતો. ચિંતિત માતાએ દીકરીની બહેનપણીના ઘરે જઈ તપાસ કરી. બાદમાં તે બજારમાં મળી આવતા તેણે જણાવ્યું કે, સગીરા તેની ગાડી અને મોબાઈલ ફોન તેને આપીને પ્રિન્ટ કઢાવવા જવાનું કહીને નીકળી ગઈ હતી. પરંતુ રાત્રે સાડા સાત વાગ્યે સગીરાએ બહેનપણીના ફોન પરથી માતા સાથે વાત કરી પોતે દમણીઝાંપા ખાતે ઝેરોક્ષ કઢાવવા આવી હોવાનું બહાનું કાઢ્યું હતું. લાંબા સમય સુધી દીકરી ઘરે પરત ન ફરતા અને આજુબાજુના વિસ્તારમાં શોધખોળ કરવા છતાં તેની કોઈ ભાળ ન મળતા, માતાએ પોલીસનો સંપર્ક કર્યો હતો. વલસાડના તીથલ રોડ પર અજય બર્ગરની દુકાન ઉપર રહેતા રાજદિપ રાકેશ વસાવાએ સગીરાને લગ્નની લાલચ આપી, ફોસલાવીને અપહરણ કર્યું હોવાનું સ્પષ્ટ થયું છે. પારડી પોલીસે ગુનો દાખલ કરી સગીરાની શોધખોળ અને આરોપીને ઝડપી પાડવા કાર્યવાહી હાથ ધરી હતી.

કટિંગ વખતે જ દરોડો પડતા નાસભાગ: નાના મવાનો પરેશ પકડાયો, બાકીના ભાગ્યા

# કુવાડવામાં SMCએ ફિરોઝનો ૭૦.૩૩ લાખનો દારૂ પકડ્યો





## જંગલેશ્વરનો ફિરોઝ સંધિ અને સુલતાન સંધિ સહિત ૬ બુટલેગરો વોન્ટેડ; કુલ ૧ કરોડથી વધુનો મુદ્દામાલ જપ્ત કરતી સ્ટેટ મોનિટરિંગ સેલ

રાજકોટ,તા.૧૯

શહેરના આજીડેમ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી લાખો રૂપિયાનો વિદેશી દારૂ પકડ્યાના ગણતરીના દિવસોમાં જ સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે સ્થાનિક પોલીસની હાજરી વચ્ચે વધુ એક મોટું ઓપરેશન પાર પાડ્યું છે. આ વખતે એસએમસીની ટીમે કુવાડવા રોડ પોલીસ સ્ટેશનની હદમાં દરોડો પાડીને રૂ. ૭૦ લાખ ૩૮ હજારથી વધુની કિંમતનો વિદેશી દારૂનો મસમોટો જથ્થો ઝડપી લીધો છે. પોલીસ તપાસમાં ખૂલેલી વિગતો મુજબ, આ દારૂનો જથ્થો જંગલેશ્વર વિસ્તારના નામચીન બુટલેગર ફિરોઝ સંધિએ મંગાવ્યો હતો. આજીડેમ બાદ કુવાડવા રોડ વિસ્તારમાં થયેલી એસએમસીની આ ઉપરાઉપરી કાર્યવાહીથી રાજકોટના સ્થાનિક પોલીસ તંત્ર સહિત બુટલેગરોમાં ભારે ખળભળાટ મચી ગયો છે.

ગુજરાતમાં દારૂબંધીના કાયદાના કડક અમલ માટે જાણીતી સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે રાજકોટ શહેરમાં વધુ એક દરોડામાં પોણા કરોડ જેવો દારૂ પકડ્યો છે. એસએમસીના પોલીસ સબ-ઈન્સ્પેક્ટર સી. કે. સિસોદિયા અને તેમની ટીમે ચોક્કસ બાતમીના આધારે આજે કુવાડવા રોડ પોલીસ સ્ટેશનની હદમાં આવેલા આરકે-નાઈન ઈન્ડસ્ટ્રિયલ એરિયા શ્રી રામદેવ પ્લોટ નંબર ૫ ખાતે ચાલી રહેલા વિદેશી દારૂના કટિંગ પર અચાનક દરોડો પાડ્યો હતો. આ રેડ દરમિયાન પોલીસને સ્થળ પરથી ભારતીય બનાવટના વિદેશી દારૂની નાની-મોટી કુલ ૨૬,૩૦૪ બોટલો મળી આવી હતી, જેની કિંમત ૭૦,૩૮,૩૩૬ થાય છે. આ ઉપરાંત પોલીસે હેરફેર માટે ઉપયોગમાં લેવાતા ૩૦,૪૦,૦૦૦ની કિંમતના ૨ વાહનો અને ૧૦,૦૦૦નો ૧ મોબાઈલ ફોન મળીને કુલ ૧,૦૦,૮૮,૩૩૬ એક કરોડ આઠ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ સપાટો બોલાવી પોલીસે સ્થળ પરથી એક આરોપી પરેશ કુરજીભાઈ પટેલ (રહે. નાના મવા સર્કલ પાસે, સંતોષ નગર પ્લોટ નંબર ૩૨, રાજકોટ)ને રંગેહાથ ઝડપી પાડીને આગળની કાર્યવાહી માટે કુવાડવા રોડ પોલીસ સ્ટેશનને સોંપ્યો છે. જો કે, આ મોટા નેટવર્કના મુખ્ય સૂત્રધારો સહિત ૬ આરોપીઓ નાસી છૂટવામાં સફળ રહ્યા છે. પોલીસ ડાયરી મુજબ, જંગલેશ્વર વિસ્તારના ફિરોજ હસનભાઈ સંધિ અને સુલતાન હસનભાઈ સંધિ આ દારૂનો જથ્થો મંગાવનાર મુખ્ય આરોપીઓ છે, જેમાં સુલતાન પોતે ક્રેટા કાર ૠઉં-૦૧-છ્રા-૬૪૪૦ ચલાવતો હતો. આ સિવાય અન્ય રાજ્યમાંથી દારૂ ભરીને આવેલી ટ્રક ગક-૦૧-અઊં-૧૧૮૬નો અજાણ્યો ચાલક, ક્રેટા અને બોલેરો પિકઅપના અજાણ્યા ડ્રાઈવરો તેમજ મુખ્ય સપ્લાયરને વોન્ટેડ જાહેર કરાયા છે. પકડાયેલા અને ફરાર આરોપીઓ સામે પ્રોહિબિશન એક્ટની કડક કલમો તેમજ ભારતીય ન્યાય સંહિતા ની સંગઠિત ગુનાખોરી સંબંધિત કલમ ૧૧૧ હેઠળ ગુનો નોંધી કાયદાકીય કાર્યવાહી કરવામાં આવી છે. ફિરોઝ ઉર્ફે ફિરિયો લાંબા સમય પછી ફરી દારૂના ધંધામાં સક્રિય થયો છે. જો કે મસમોટો જથ્થો કટિંગ કરી શહેરમાં ઘુસાડે એ પહેલાં સીમાડે જ તેનો માલ પકડી લેવાયો છે

# સાધુના વેશમાં ભોળી પ્રજા સાથે ઠગાઈ કરનાર પાસામાં ધકેલાયો



અગાઉ ૯ ગુના કરી ચૂકેલા બહાદુરનાથને વડોદરા જેલમાં ધકેલાયો

ગાંધીગ્રામ,તા.૧૯

પ્રનગર લોધિકા તેમજ વાંકાનેર અને હળવદના પોલીસ ચોપડે અગાઉ ૯ વખતે ચડી ચૂકેલા વાંકાનેરના બહાદુરનાથ સુરમનાથ પરમારને ક્રાઈમ બ્રાંચે પાસા તળે દબોચી વડોદરા જેલમાં ધકેલી દીધો છે.

મળતી વિગતો મુજબ રાજકોટ શહેર પોલીસ કમિશ્નર. બ્રજેશ કુમાર ઝા અને એડીશ્નલ પોલીસ કમિશ્નર ચૈતન્ય મંડલીક , નાયબ પોલીસ કમિશ્નર (ક્રાઈમ) જગદીશ બાંગરવા , મદદનિશ પોલીસ કમિશ્નર (ક્રાઈમ) બી.બી. બસીયા દ્વારા રાજકોટ શહેરમાં મીલ્કત વિરૂધ્ધના ગુન્હાઓ આચરતા શખ્શો વિરૂધ્ધ કામગીરી કરવા તેમજ આવી ગેરકાયદે પ્રવૃતી કરતા શખ્સો વિરૂધ્ધ અટકાયતી પગલા પાસાની દરખાસ્ત કરવા સુચના આપવામાં આવી હતી. કરવા સુચના કરેલ જે અન્વયે રાજકોટ શહેર ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ભોજપરા પેટ્રોલપંપની સામે વાંકાનેર જી.મોરબીના બહાદુરનાથ સુરમનાથ પરમાર સામે પાસા દરખાસ્ત તૈયાર કરીને મોકલવામાં આવી હતી જે પોલીસ કમિશ્નર દ્વારા મંજુર કરવામાં

આવતા બહાદુરનાથને પોલીસ ઈન્સ્પેક્ટર એમ. આર.ગોંડલીયા,એમ.એલ. ડામોર,સી.એચ.જાદવ પો.સ.ઈ.ડી.પી.ઝાલા એ.એસ. આઈ ભરતભાઈ વનાણી, યસવંતભાઈ ભગત, પોલીસ હેડ કોન્સ કરણભાઈ કોઠીવાળ, સંજયભાઈ અલગોતર, પોલીસ કોન્સ અરવીંદભાઈ ફતેપરા,પોપટભાઈ ગમારા વિગેરે ટીમ બનાવી, પકડી પાસા વોરંટની બજવણી કરી વડોદરાની જીલ્લા જેલમાં ધક્લ્યો છે.

ગામના ગજવા ખાલી કરવા લેવા માટે ગઠીયાઓ રોજબરોજ કરે છે છેતરપીંડી

# સ્ક્રેપના ધંધામાં દગાખોરી: બે ગઠીયા અડધો કરોડ ખાઈ ગયા

રાજકોટ:,તા.૧૯

ગામના ગરીયા ફેરવીને પોતાના ગજવા ભરતાં લેભાગુ ગઠીયાઓ સતત લોકોને છેતરી રહ્યા છે. વધુ આવા કિસ્સા સામે આવ્યા છે જેમાં એક બનાવમાં સ્ક્રેપના વેપારી સાથે બે ગઠીયાએ અડધા કરોડ આસપાસની ઠગાઈ આચરી છે, તો બીજા બનાવમાં સ્કીમમાં પૈસા રોકવાથી નફો થશે તેમ કહી નિવૃત ચીફ એન્જિનીયર સાથે સાડા બાવીસ લાખથી વધુની છેતરપીંડી થઈ છે.

પ્રથમ ઘટના પર નજર કરીએ તો અમદાવાદ શહેરના દાણીલીમડામાં આવેલી કબાડી માર્કેટમાં ઓટોમોબાઈલ સ્ક્રેપનો વ્યવસાય કરતા વેપારી સાથે ઓડિશાના બે શખ્સોએ માલ-સામાન ન આપીને રૂપિયા ૪૩.૬૨ લાખની છેતરપિંડી આચરી છે.જેની ફરિયાદ નોંધાવવામાં આવતા પોલીસ તપાસ શરૂ કરવામાં આવી હતી. આરોપીઓએ સરકારી ટેન્ડરના બહાને સ્ક્રેપનો માલ આપવાની વાત કરી હતી. શરૂઆતમાં રૂપિયા બાર લાખ મેળવીને સમયસર સ્ક્રેપનો માલ પહોંચાડી વેપારીનો વિશ્વાસ કેળવ્યો હતો અને ત્યારબાદ લાખો રૂપિયા પડાવી લીધા હતા. રૂપિયા મેળવ્યા પછી આરોપીઓએ ફોન ઉપાડવાનું બંધ કરી દીધું હતું.

વેપારી જ્યારે ઓડિશા ખાતે પોતાની ઉઘરાણી માટે ગયા, ત્યારે તેમને ધક્કા મારીને કાઢી મૂકવામાં આવ્યા હતા અને માલ સામાન કે રૂપિયા આપવાની સ્પષ્ટ ના પાડી દીધી હતી. આ બનાવ અંગે દાણીલીમડા પોલીસે બે શખ્સો સામે છેતરપિંડીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. ગ્યાસપુર ખાતે રહેતા અને દાણીલીમડાની કબાડી માર્કેટમાં વેપાર કરતા આધેડે દાણીલીમડા પોલીસ સ્ટેશનમાં ઓડિશાના પુરી ખાતે કંપની ધરાવતા બે લોકો સામે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ અનુસારચાર વર્ષ પહેલાં તેમના એક સંબંધી મારફતે આરોપીઓ સાથે પરિચય થયો હતો.

આરોપીઓએ પોતે સરકારી ટેન્ડર ભરીને સ્ક્રેપના માલસામાનનું મોટા પાયે



કામકાજ કરતા હોવાની વાત કરી હતી. આથી શરૂઆતમાં સ્ક્રેપનો માલ ખરીદવા માટે રૂપિયા ૧૨ લાખ આપ્યા હતા. તે સમયે સમયસર માલ સામાન મળી જતાં વેપારીને આરોપીઓ પર વિશ્વાસ બેસી ગયો હતો. ત્યારબાદ એક વર્ષ પછી વેપારીએ રૂપિયા ૨.૨૬ કરોડનું પેમેન્ટ કર્યું હતું. જેની સામે આરોપીઓએ રૂપિયા ૧.૮૨ કરોડનો જ માલ સામાન આપ્યો હતો, જ્યારે બાકીના રૂપિયા ૪૩.૬૨ લાખનો માલ સામાન આપ્યો ન હતો અને ફોન ઉપાડવાનું પણ બંધ કરી દીધું હતું. જેથી વેપારી છેતરાયા હોવાનું અહેસાસ થતાં તેમણે પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

બીજી ઘટના જોઈએ તો વડોદરા શહેરના ગોત્રી વિસ્તારમાં આવેલા પેવેલિયન હાઈટ્સ પ્રોજેક્ટમાં લેટ બુક કરાવનાર નિવૃત્ત ચીફ એન્જિનિયર સાથે ચા વળતરની લાલચ આપી રૂ.૨૨.૮૧ લાખ પડાવી છેતરપિંડી કરવામાં આવી હોવાનો મામલો સામે આવ્યો છે. લેટના કામમાં વિલંબ થતો હોવાનું જણાવી આરોપીએ રોકાણ કરાવવાના બહાને રકમ મેળવી હતી. જોકે, નોટરી કરાર કર્યા બાદ પણ ન તો વચન મુજબનું વળતર મળ્યું અને ન તો મૂળ રકમ પરત મળતા પોલીસને જાણ કરી હતી. વાસણા રોડ વિસ્તારમાં રહેતા અને ખંભાતમાંથી ચીફ એન્જિનિયર તરીકે નિવૃત્ત થયેલા હરજીતસિંગ દર્શનસિંગે વર્ષ ૨૦૨૦માં ગોત્રી સ્થિત પેવેલિયન હાઈટ્સ પ્રોજેક્ટમાં આશરે રૂ.૬૦ લાખનો લેટ બુક કરાવ્યો હતો.

> “સ્કીમમાં નાણા રોકવાથી નફો થશે કહે નિવૃત એન્જિનીયર સાથે ત્રેવીસ લાખનું ફ્રોડ”

આ દરમિયાન પ્રોજેક્ટ સાથે સંકળાયેલા પ્રતિક મહેતા સાથે તેમની ઓળખાણ થઈ હતી.

આ કિસ્સામાં ભોગ બનનારનો આક્ષેપ છે કે પ્રતિક મહેતાએ લેટનું કામ પૂર્ણ થવામાં સમય લાગશે તેમ જણાવી તેમની પાસે રોકાણ માટે નાણાં માંગ્યા હતા. સાથે જ ૨૪ ટકા સુધીનું વળતર આપવાની અને જરૂર પડે ત્યારે દસ દિવસમાં રકમ પરત કરવાની ખાતરી આપી હતી. આ વિશ્વાસમાં આવી વૃધ્ધે તબક્કાવાર રૂ.૨૨,૮૧,૫૨૦ -તિક મહેતાના બેંક ખાતામાં ટ્રાન્સફર કર્યા હતા. બાદ રૂ.૧૫ લાખની રકમ એક વર્ષ માટે આપવામાં આવી હોવા અંગે બંને વચ્ચે નોટરી કરાર પણ કરવામાં આવ્યો હતો. પણ સમય પૂર્ણ થયા બાદ પણ આરોપીએ ન તો વળતર ચૂકવ્યું અને ન જ મૂળ રકમ પરત કરી હતી. દીકરીના લગ્ન પ્રસંગે નાણાંની જરૂરિયાત ભી થતા વૃદ્ધે વારંવાર ઉઘરાણી કરી હતી, પરંતુ આરોપી દ્વારા બહાનાબાજી કરવામાં આવી હતી. છેલ્લે વૃધ્ધને ખબર પડી હતી કે આરોપીએ તેમની જેમ અન્ય લોકો પાસેથી પણ રોકાણના નામે રકમ મેળવી પરત ન આપી હોવાની માહિતી મળી છે. સમગ્ર મામલે પોલીસે ફરિયાદના આધારે છેતરપિંડીના આક્ષેપોની દિશામાં તપાસ હાથ ધરી હતી.

દારૂની સાથે સાથે ડ્રગ્સના દુષણને ડામવા પણ શહેર પોલીસ સતત કાર્યરત

# એક મહિનામાં ૧૯ લાખના માદક પદાર્થ ઝડપાયા

## પોલીસે દસ આરોપીઓને પણ પકડીને કાર્યવાહી કરીઃ પોલીસ કમિશનર, તમામ ડીસીપીની યોજાયેલી ખાસ બેઠકમાં વિગતો જાહેર થઇ

રાજકોટઃ તા.૧૯

શહેરમાં દારૂ ઉપરાંત માદક દ્રવ્યોની હેરાફેરીને પણ અટકાવવા અને આવા પદાર્થોનું વેંચાણ સેવન કરનારાઓને ઝડપી લેવા શહેર પોલીસ દ્વારા સે નો ટુ ડ્રગ્સ હેઠળ ખાસ ઝુંબેશ ચાલી રહી છે. તે અંતર્ગત શહેર એસઓજી અને અન્ય પોલીસ સ્ટેશનોની ટીમો દ્વારા સમયાંતરે ગાંજો, એમડી સહિતના માદક પદાર્થ સાથે પેડલરો, સપ્લાયરોને પકડી લેવામાં આવે છે. આવા દુષણને ડામવા પોલીસની ટીમો મુખ્ય સપ્લાયર સુધી પહોંચવા પણ પ્રયાસ કરતી રહે છે. આ કામગીરી વચ્ચે સારી વાત એ છે કે એક જ મહિનામાં શહરે પોલીસે ગાંજો, એમડી સહિત અઢાર લાખ અડસઠ હજારના આવા માદક પદાર્થ પકડી લીધા છે અને દસ આરોપીઓ સામે કડક કાર્યવાહી કરી છે.

વિગતો પર નજર કરીએ તો શહેર પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝાની અધ્યક્ષતામાં ડીસીબી પોલીસ સ્ટેશન ખાતે નાર્કો કો-ઓર્ડીનેશન સેન્ટરની બેઠક યોજાઈ હતી. પોલીસ કમિશનર ઝાએ નશીલા ડ્રગ્સના દુષણથી યુવાનો દૂર રહે તે માટે ખાસ કરીને કોલેજ, યુનિવર્સિટીમાં ડ્રગ્સ અવેરનેસ કેમ્પેઈન કરવા સૂચના આપી હતી. વધુમાં નોડલ અધિકારીઓએ વિશેષ સતર્કતા દાખવી આ પ્રકારની કોઈ પ્રવૃત્તિ જણાય તો પોલીસ વિભાગને જાણ કરવા સુચના આપી હતી. જ્યારે ડીસીપી ક્રાઇમ જગદીશ બાંગરવાએ એન્ટી-ડ્રગ્સ કેમ્પેઇન અંતર્ગત પોલીસ વિભાગ દ્વારા ચાલુ માસે કરવામાં આવેલી કામગીરીની માહિતી આપી હતી.

તેમણે કહ્યું કે જેમાં એક માસમાં ગાંજાના ૩૭ છોડ સહીત રૂ. ૧૭ લાખનો ગાંજો તેમજ રૂ. ૧.૬૮ લાખથી વધુની કિંમતનો મેફેડ્રોન મળીને કુલ રૂ. ૧૮.૬૮ લાખની કિંમતના નશાકારક પદાર્થ ઝડપી ૬ કેસમાં ૧૦ આરોપીઓ વિરૂધ્ધ કાર્યવાહી કરવામાં આવી આવી છે. પોલીસ વિભાગ દ્વારા શાળા આસપાસ ૧૦૦ મીટરમાં પ્રતિબંધ હોવા છતાં તમાકુ સંબંધી વેચાણકર્તા પાન ગલ્લા વિરૂધ્ધ કોટપા એક્ટ હેઠળ ૧૩૬ કેસમાં રૂ. ૨૭,૨૦૦ અને મહાનગરપાલિકા દ્વારા ૯૪ કેસમાં રૂ. ૨,૭૫૦નો દંડ વસુલ કરવામાં આવ્યો હોવાનું જયારે એન્ટી ડ્રગ્સ સીઆઇડી ક્રાઇમ દ્વારા રૂ.



બે લાખથી વધુની કિંમતનો ૪ કિલો ગાંજાનો જથ્થો પકડી પાડવામાં આવ્યો હોવાનું શ્રીબાંગરવાએ જણાવ્યું હતું.

આ ઉપરાંત મહાનગરપાલિકા ફૂડ એન્ડ ડ્રગ્સ આરોગ્ય વિભાગ દ્વારા સર્ચની કામગીરીની વિગત પુરી પાડવામાં આવી હતી. રાજકોટ શહેર પોલીસના સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ દ્વારા નશાકારક ડ્રગ્સ અંગે કરવામાં આવેલા જાગૃતિ કાર્યક્રમની માહિતી પુરી પાડવામાં આવી હતી. એન્કોર્ડ બેઠકમાં ડી.સી.પી. ઝોન-૧ હેતલ પટેલ, ઝોન-૨ રાકેશ દેસાઈ, એસઓજીના પોલીસ ઇન્સપેકટર એન.બી.ચૌધરી સહીત વિવિધ પોલીસ સ્ટેશનના અધિકારીશ્રીઓ, કૃષિ અને વન વિભાગ, સમાજ કલ્યાણ વિભાગ, કસ્ટમ, ફૂડ એન્ડ ડ્રગ્સ, ફોરેન્સિક વિભાગ સહીત વિવિધ વિભાગના અધિકારીશ્રીઓ તેમજ રાજકોટની વિવિધ યુનિવર્સીટીના નોડલ અધિકારીઓ જોડાયા હતાં. શહેર પોલીસ ડ્રગ્સના દુષણને ડામવા સતત કટીબધ્ધ અને કાર્યરત છે. તે અંતર્ગત પેડલરો, સપ્લાયરોને પકડી કાર્યવાહી કરવામાં આવી રહી છે.

ગામના પૈસે તાગડધીન્ના માટે ગઠીયાગીરી કરનારાઓને મોજેમોજ રોજેરોજ

# દસ વેપારીઓને ગઠીયાનો ૬૮ લાખનો ડામ

## બીજી ઘટનામાં સસ્તામાં સોનુ આપવાના નામે વેપારી સાથે સાડા નવ લાખની છેતરપીંડી

રાજકોટઃ તા.૧૯

અલગ અલગ લોકો સાથે થઇ રહેલી ઠગાઇના કિસ્સામાં વધુ એક મસમોટી છેતરપીંડી થઇ છે. જેમાં હીરા બજારના વેપારી સાથે મોટી ઠગાઇ થઇ ગઇ છે. દસ જેટલા વેપારીઓ સાથે વિશ્વાસ કેળવી ગઠીયાએ અડસઠ લાખના હીરા ખરીદી ધુંબો મારી દીધો હતો. બીજી ઘટનામાં સસ્તા સોનાની લાલચમા વેપારી સાથે છેતરપીંડી થઇ ગઇ હતી.વિગતો પર નજર કરીએ તો સુરત શહેરમાં ત્રણ ગુનાહિત ઘટનાઓ સામે આવી છે, જેણે પોલીસ તંત્રને દોડતું કરી દીધું છે. પ્રથમ ઘટનામાં મહીધરપુરા હીરા બજારના એક દલાલ મારફતે દસ જેટલા વેપારીઓ પાસેથી લાખો રૂપિયાના હીરા પડાવી લઈ રૂ. ૬૮.૧૮ લાખની આર્થિક નુકસાની પહોંચાડવામાં આવી હતી. પાલ વિસ્તારમાં આવેલા સિમંધર કેમ્પસમાં રહેતા અડતાલીસ વર્ષીય સમીરભાઈ પ્રવિણચંદ્ર સંઘવી મહીધરપુરા હીરા બજારમાં લાંબા સમયથી દલાલીનું કામ કરે છે. તેમની મુલાકાત પિપલોદના જીમખાના રોડ પર સુરભિ એપાર્ટમેન્ટમાં રહેતા હીરા વેપારી પ્રિતેશ મહેશ રેશમવાલા સાથે થઈ હતી.

શરૂઆતમાં પ્રિતેશે વાયદા પ્રમાણે પેમેન્ટ ચૂકવીને મોટો વિશ્વાસ કેળવ્યો હતો. આ વિશ્વાસના આધારે જ માર્ચ અને એપ્રિલ મહિના દરમિયાન પ્રિતેશે દલાલ સમીરભાઈ મારફતે અન્ય દસ હીરા વેપારીઓ પાસેથી વીસ દિવસની મુદતે રૂ. ૯૯.૧૮ લાખનો નેચરલ ડાયમંડનો માલ ખરીદ્યો હતો.




જોકે, મુદત પૂરી થતાં જ્યારે સમીરભાઈએ ઉઘરાણી કરી ત્યારે પ્રિતેશે માત્ર ૩૧ લાખ રૂપિયા આપ્યા હતા અને બાકીના રૂ. ૬૮.૧૮ લાખ ટૂંક સમયમાં ચૂકવવાનો વાયદો કર્યો હતો. બાકી નીકળતી માતબર રકમની ચૂકવણી ન થતાં જ્યારે હીરા દલાલ સમીર સંઘવી પિપલોદ ખાતે આરોપી વેપારીની ઓફિસે પહોંચ્યા તો ત્યાં તાળા લટકતા હતા અને તેનો મોબાઈલ ફોન પણ સ્વિચ ઓફ આવતો હતો.

આથી ગભરાયેલા દલાલ પોતાની પત્નિ સાથે પ્રિતેશના ઘરે પહોંચ્યા હતા, પરંતુ આરોપી ત્યાંથી પણ ગાયબ થઈ ગયો હતો. છેવટે આ મામલે સમીરભાઈએ મહિધરપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે પ્રિતેશ રેશમવાલા સામે વિશ્વાસઘાત અને ઠગાઈનો ગુનો દાખલ કર્યો છે. આ કેસની આર્થિક ગુનાખોરીની ગંભીરતાને જોતા સુરત પોલીસ કમિશનર દ્વારા આ કેસની તપાસ ઈકોસેલને સોંપવામાં આવી હતી.

બીજી ઘટનામાં ભટારના એક જમીન દલાલને બજાર ભાવ કરતા સસ્તા ભાવે સોનું અપાવવાની લાલચ આપી મુંબઈની હોટેલમાં રૂ. ૯.૫૪ લાખ પડાવી ગઠિયાઓ રફુચક્કર થઈ ગયા હતાં. આ કિસ્સો ભટાર રોડ પર રહેતા અને જમીન દલાલીનું કામ કરતા ઓગણચાલીસ વર્ષીય રાજબાબુ કુસરેયા જોગુ સાથે બન્યો છે. રાજબાબુ વેસુ વી.આઈ.પી. રોડ પર આવેલી 'દેવાંશ ટેક્ષ સર્વિસ' નામની ઓફિસે ગયા હતા, જ્યાં તેમના ૧૫ વર્ષ જૂના મિત્ર અમોલે તેમની મુલાકાત મનીષ પાલ નામના વ્યક્તિ સાથે કરાવી હતી. મનીષ પાલે જમીન દલાલને વિશ્વાસમાં લેતા કહ્યું હતું કે-જો તમારે ગોલ્ડમાં રોકાણ કરવું હોય તો મારો એક ઓળખીતો તમને બજાર ભાવ કરતા ૩ ટકા ઓછા ભાવે સોનું અપાવી દેશે. સસ્તા સોનાની લાલચમાં આવીને રાજબાબુએ રૂ. ૯ લાખનું સોનું ખરીદવાની તૈયારી બતાવી હતી અને ટોકન પેટે રૂ. ૩ લાખ આપવાનું નક્કી થયું હતું. આ સોદાબાજી માટે આરોપી મનીષ પાલે જમીન દલાલ રાજબાબુને મુંબઈ બોલાવ્યા હતા.

મુંબઈના બોરીવલીની ઇન્દિરાલોક રેસ્ટોરન્ટમાં રાજબાબુ બીજા આરોપી અતુલ વિજયકાંત પટેલને મળ્યા હતા. આરોપીઓએ સામસામે રોકડા આપી સોનું આપવાની વાત કરી હતી. વિશ્વાસમાં આવેલા દલાલે સુરતના ભાગળ ખાતેથી મહેન્દ્રભાઈ સોમાભાઈ આંગડિયા મારફતે રૂ. ૧.૫૫ લાખ મોકલાવ્યા અને આરોપીના બેંક ખાતામાં રૂ. ૧.૬૦ લાખ ટ્રાન્સફર કર્યા હતા. બાકીના રૂપિયા આપવા રાજબાબુ મુંબઈની વિર્લે પાર્લેમાં આવેલી જીવન હોટેલમાં અતુલને મળવા ગયા, જ્યાં રૂ. ૯૮,૫૦૦ ઓનલાઇન ટ્રાન્ઝેક્શનથી અને રૂ. ૫.૯૦ લાખ રોકડા આપ્યા હતા. અતુલ 'હમણાં ૧૦ મિનિટમાં સોનું લઈને આવું છું' તેમ કહી હોટેલમાંથી પૈસા લઈને રફુચક્કર થઈ ગયો હતો. આ મામલે વેસુ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

આપઘાત, આકસ્મિક કારણે નવજાત બાળાથી લઇ સિત્તેર વર્ષના વૃધ્ધના મૃત્યુ

# ચોત્રીસ વર્ષના યુવાને અકળ કારણે દેહ લટકાવી દુનિયા છોડી

## એક યુવાન દવા સાથે દારૂ પી જતાં જીવ ગયોઃ વૃધ્ધ અગાસીએ સુવા જતી વખતે પટકાતાં મૃત્યુ થયુંઃ નિવૃત આસી. સબ ઇન્સપેકટરનું હૃદય ધબકારા ચુકી જતાં મૃત્યુ

રાજકોટઃ તા.૧૯

અપમૃત્યુની પાંચ વધુ ઘટનાઓને કારણે જે તે હતભાગી મૃતકના સ્વજનો, કુટુંબીઓ, સગાઓ, મિત્રોમાં શોક વ્યાપી ગયો હતો. એક યુવાને ગળાફાંસો ખાઇ દુનિયા છોડી દીધી હતી. એક યુવાન દવાની સાથે દારૂ પી જતાં મોત થયું હતું. એક વૃધ્ધ અગાસીએ સુવા જતી વખતે પડી જતાં મોત થયું હતું. નિવૃત આસીસ્ટન્ટ સબ ઇન્સપેકટરનું હૃદય બંધ પડી જવાથી મોત થયુ હતુ. તો બે મહિનાની એક બાળા સુતા બાદ કાયમને માટે ચિર નિંદ્રામાં પોઢી ગઇ હતી. પ્રથમ ઘટના પર નનજર કરીએ તો મવડી ઓમનગર ૪૦ ફુટ રોડ પર રહેતાં બિપીનભાઇ જેન્તીભાઇ મુળાશીયા નામના ચોત્રીસ વર્ષના યુવાને ઘરે ગળાફાંસો ખાઇ આપઘાત કરી લેતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ હતી. બનાવની જાણ થતાં તાલુકા પોલીસે જરૂરી કાર્યવાહી કરી મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવ્યુ હતુ. આપઘાત કરનાર બિપીનભાઇ બે ભાઇમાં મોટા હતાં. સંતાનમાં બે દિકરી છે. પોતે ફર્નિચર કામ કરી ગુજરાન ચલાવતાં હતાં. આપઘાતનું કારણ બહાર ન આવતાં પોલીસે તપાસ યથાવત રાખી હતી.બીજી ઘટના જોઇએ તો કોઠારીયા રેલ્વે સ્ટેશન પાસે રહેતો મુળ યુપીનો યુવાન બિમારીની દવા સાથે દારૂ પી જતાં તબીયત બગડતાં સારવાર માટે દાખલ કરાયો હતો. તેનું મોત થયુ હતુ. કોઠારીયા રેલ્વે સ્ટેશન નજીક રહેતો શૈલેન્દ્ર શિવશંકર ચૌહાણ નામનો એકવીસ વર્ષનો યુવાન ઘરે ઝેરી પદાર્થ પી જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. ત્રીજી ઘટનામાં જામજોધપુર તાબેના માંડાસણ ગામે રહેતાં સિત્તેર વર્ષના સામંતભાઇ કારાભાઇ મકવાણા નામના વૃધ્ધ સત્તરમીએ સાંજે આઠેક વાગ્યે ઘરે પહેલા માળેથી પડી જતાં ઇજાઓ થતાં સારવાર માટે રાજકોટ ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે શેઠ વડાળા પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી. મૃત્યુ પામનાર સામતભાઇ બે બહેન અને ત્રણ ભાઇમાં નાના હતાં. સંતાનમાં ત્રણ દિકરા છે. પોતે રાતે અગાસી પર સુવા જતાં હતાં ત્યારે અકસ્માતે પડી ગયાનું જણાવાયું હતું. પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી. ચોથા બનાવમાં પેડક રોડ પરગાંધી સ્મૃતિ સોસાયટીમાં રહેતાં રહેતાં દેવદાનભાઇ જેસંગભાઇ ચાવડા નામના સિત્તેર વર્ષના વૃધ્ધ સવારે ઘરે એકાએક બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે બી-ડિવીઝન પોલીસને જાણ કરી હતી. દેવદાનભાઇ ચાવડા પાંચ ભાઇ અને બે બહેનમાં મોટા હતાં અને સંતાનમાં બે દિકરા તથા બે દિકરી છે. તેઓ નિવૃત એએસઆઇ હતા. તેમના એક દિકરા રાજેશભાઇ ચાવડા શહેર ક્રાઇમ બ્રાંચમાં ફરજ બજાવે છે. પોસ્ટમોર્ટમ થતાં દેવદાનભાઇને હૃદય રોગનો હુમલો આવી ગયાનુ.જાહેર થયું હતું. બનાવથી પરિવારમાં શોક છવાઇ ગયો હતો. પાંચમી ઘટના જોઇએ તો કાલાવડ રોડ પર વૃંદાવન આવાસ યોજના ક્વાર્ટરમાં રહેતાં દંપતિની બે મહિનાની દિકરી રાતે સુતા બાદ નહિ જાગતાં સારવાર માટે ખસેડાઇ હતી. પરંતુ મૃત્યુ થયું હતું. વૃંદાવન આવાસ ક્વાર્ટરમાં રહેતાં લક્ષ્મીબેન અરવિંદભાઇ નાયકાની બે મહિનાની દિકરીને રાતે સુવડાવાઇ હતી પણ સવારે તે ન જાગતાં સારવાર માટે ખસેડાઇ હતી. પરંતુ તેણીનું મૃત્યુ થતાં અરેરાટી વ્યાપી ગઇ હતી. તેના માતા-પિતા મુળ મોડાસાના છે અને કડીયા કામની મજુરી કરે છે. તમામ ઘટનાઓમાં પોલીસે જરૂરી કાર્યવાહી કરી મોતના ચોક્કસ કારણ જાણવા સિવિલ હોસ્પિટલ ખાતે મૃતદેહોના પોસ્ટમોર્ટમ કરાવ્યા હતાં.

જુના નવા ગતકડાઓને વહેતા મુકી ફ્રોડ આચરી લેવાની ઘટનાઓમાં વધુ એકનો ઉમેરો

# સસ્તી સોલાર લોન લેવા જતાં ગુમાવ્યા પંદર લાખ

## સોથી વધુ લોકો સાથે કંપનીનો કહેવાતો મેનેજર ખેલ પાડી ગયોઃ પોણા બે કરોડના સાયબર ફ્રોડમાં એક ગઠીયાને ઝડપી લેવામાં પોલીસને સફળતા

રાજકોટઃ તા.૧૯

સસ્તામાં સોલાર લોનના નામે એક કંપનીના મેનેજરે સોથી વધુ લોકોને લાખોનો ચૂનો લગાવી દીધો હતો. આ પ્રકારની ઘટનાઓ અગાઉ પણ બની ગઇ હતી. જેમાં આખી ટોળકીને અગાઉ જામનગર પોલીસે ઝડપી હતી. આ વખતે અમદાવાદ પંથકના એકસો ચૌદ લોકો સોલાર લોનના નામે છેતરાઇ ગયા છે. બીજી તરફ પોણા બે કરોડના સાયબર ફ્રોડમાં એક આરોપી ઝડપાઇ ગયો હતો.વિગતો પર નજર કરીએ તો સેટેલાઇટમાં આવેલી રત્નાફીલ કેપિટલ પ્રાઈવેટ લિમિટેડ કંપનીના રિલેશનશિપ મૅનેજરે ૧૧૪ ગ્રાહક પાસેથી સોલાર લોનની પ્રોસેસિંગ ફી, સબસીડી, લોન ક્લોઝર અને ઍડ્વાન્સ પેટે રૂ. ૧૪.૭૨ લાખ પડાવી લીધા હતા. ભાંડો ફૂટતાં રિલેશનશિપ મૅનેજર સામે છેતરપિંડીની ફરિયાદ નોંધાવાઈ હતી. બોપલના દિવાંક ત્રિપાઠી રત્નાફીન કંપનીમાં એસોસિએટ વાઇસ પ્રેસિડેન્ટ છે. કંપનીમાં દર્શિલ શૈલેષભાઈ રાવલ રિલેશનશિપ મૅનેજર છે. તેમનું કામ સોલાર લોન લેવા આવતા ગ્રાહકોને યોગ્ય માર્ગદર્શન આપીને લોનની ફાઈલ માટે જરૂરી ડોકયુમેન્ટ્સ મેળવવાનું હતું તેમજ સોલાર ખરીદનારા ગ્રાહકો સરકારી સબસીડી કેવી રીતે લેવા માગે છે, તે વિશે ગ્રાહકોને માહિતગાર કરવાનું કામ દર્શિલનું હતું. જેમાં ગ્રાહકોને સબસીડીના પૈસા પર્સનલ બૅન્ક એકાઉન્ટમાં લેવા, લોન એકાઉન્ટમાં જમા કરાવવા, લોનની રકમ કે હપ્તા ઓછા કરવા સહિતના વિકલ્પ સમજાવવામાં આવતા હતા. તાજેતરમાં કેટલાક ગ્રાહકો પૈસા ભર્યાની રિસિપ્ટ અને લોન ખાતાનો ઉતારો લેવા માટે કંપનીની ઑફિસમાં આવ્યા ત્યારે તપાસ કરવામાં આવી તો તે ગ્રાહકોના પૈસા કંપનીમાં જમા થયા ન હતા જ્યારે તે ગ્રાહકોને પૂછતાં તેમણે તમામ ડોક્યુમેન્ટ્સ અને પ્રોસેસ દર્શિલ મારફતે જ કરાવી હતી અને તેમને પૈસા પણ આપ્યા હતા. આવા ગ્રાહકોની તપાસ કરતાં દર્શિલે લોન પ્રોસેસિંગ ફી પેટે ૯૮ ગ્રાહક પાસેથી રૂ. ૩.૪૨ લાખ, ૧૧ ગ્રાહકની લોનના રૂ. ૮.૪૪ લાખ, ૩




ગ્રાહક પાસેથી કોન કલોઝર અમાઉન્ટ પેટે રૂ. ૪.૮૫ લાખ અને ૨ ગ્રાહક પાસેથી ઍડ્વાન્સ પેટે રૂ. ૨૧,૧૧૪ મેળવી લીધા હતા. આ અંગે દિવાંક ત્રિપાઠીએ દર્શિલ રાવલ વિરૂધ્ધ સેટેલાઈટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. દર્શિલ ત્રિપાઠીએ ૧૧૪ ગ્રાહકોના પૈસા આવી ગયા હોવા અંગે કંપનીમાં ખોટી એનઓસી મોકલી હતી. આટલું જ નહીં એનઓસી ના ફોર્મેટમાં ચેડાં કરીને ગ્રાહકોને પણ કંપનીના નામે એનઓસી લેટર મોકલી આપ્યા હતા. દર્શિલનો ભાંડો ફુટી જતા કંપનીના ઉચ્ચ અધિકારીઓએ તેને બોલાવ્યો હતો ત્યારે તેણે પૈસા જમા કરાવી દેવાની બાંહેધરી આપી હતી. જ્યારે તેણે કંપનીમાં ટુકડે ટુકડે રૂ.૨.૨૦ લાખ જમા કરાવ્યા હતા. જ્યારે બાકીના પૈસા આપ્યા જ ન હતા. અન્ય એક કામગીરીમાં વલસાડ જિલ્લામાં મ્યુલ બેંક અકાઉન્ટનો ઉપયોગ કરી દેશભરમાં કરોડો રૂપિયાની છેતરપિંડી આચરતા એક મોટા રેકેટનો વલસાડ સાયબર ક્રાઈમ પોલીસે પર્દાફાશ કર્યો છે. 'ઓપરેશન મ્યુલહંટ ૨.૦' અંતર્ગત પોલીસે બે રીઢા આરોપીઓની ધરપકડ કરી છે. આ બંને આરોપીઓના રિમાન્ડ પૂર્ણ થતાં કોર્ટે તેમને જેલમાં મોકલી આપવાનો આદેશ કર્યો છે. આ ગેંગે કંપનીઓના નામે બોગસ એકાઉન્ટ ખોલાવીને આશરે રૂપિયા ૧.૭૨ કરોડથી વધુનું સાયબર ફ્રોડ આચર્યુ હોવાનું સામે આવ્યું હતું. સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનની ટીમ શંકાસ્પદ ટ્રાન્ઝેક્શન પર નજર રાખી રહી હતી. આ દરમિયાન કેન્દ્રીય "સમન્વય પોર્ટલ" પર વલસાડની બેંક ઓફ બરોડાના નામના એકાઉન્ટમાં શંકાસ્પદ વ્યવહારો થતા હોવાનું એલર્ટ મળ્યું હતું. પોલીસે આ દિશામાં તપાસ હાથ ધરતા આ ખાતું વલસાડના તીથલ રોડ પર રહેતા નયન મહેશભાઇ બીરારીના નામે હોવાનું ખુલ્યું હતું.પોલીસે તાત્કાલિક એક્શનમાં આવીને નયન બીરારીની અટકાયત કરી તેની આકરી પૂછપરછ શરૂ કરી હતી, જેમાં ચોંકાવનારી વિગતો બહાર આવી હતી. નયને કબૂલ્યું કે, તે વલસાડના જ રીષભસીંઘ રાજપાલ સીંઘના સંપર્કમાં આવ્યો હતો. સાયબર ફ્રોડના કાળા નાણાંની હેરાફેરી કરવા માટે તેઓએ ઉદ્યમ રજીસ્ટ્રેશન કરાવી કંપનીના નામે કરન્ટ એકાઉન્ટ ખોલાવ્યું હતું. આ બેંક એકાઉન્ટની ચેકબુક, ડેબિટ કાર્ડ સહિતની કીટ તેઓ સુરતના કિર્તીમાનસીંઘ સાથે ઈન્દોર જઈને ઉત્તરપ્રદેશના આયુષસીંઘ નામના મુખ્ય સૂત્રધારને આપવા ગયા હતા. આ ચોક્કસ બાતમી અને ટેકનિકલ ઈન્ટેલીજન્સના આધારે સાયબર પોલીસે વલસાડના આઝાદ ચોક પાસેથી બીજા આરોપી રીષભસીંઘ રાજપાલસીંઘને દબોચી લીધો હતો. તેની પ્લાસ્ટિકની બેગની તલાશી લેતા તેમાંથી અલગ-અલગ બેંકોના દસ્તાવેજો, પાસબુક, ડેબિટ કાર્ડ અને ઉદ્યમ સર્ટિફિકેટ મળી આવ્યા હતા. ઝડપાયેલા આરોપીના ખાતામાં એક કરોડ બોંતેર લાખની રોકડ ટ્રાન્સફર થઇ હોવાનું ખુલ્યું હતું.

ભાઇબંધને જે યુવતિ સાથે મિત્રતા તૂટી એ યુવતિને કેટરર્સના કર્મચારીએ લાગણીઓના પુરમાં તાણી ફસાવી લીધી

# ભરતે યુવતિને ભોળવી કુંવારી મા બનાવી દીધો જાકારો

## યુવતિની જેની સાથે મિત્રતા તુટી તેના જ મિત્ર ભરતે ફોન કરી કહ્યું-હવે તું મારી સાથે મિત્રતા રાખ, હું તને સાચવીશઃ શરૂઆતમાં સારી રીતે રાખી પછી દારૂ પી ખેલ ચાલુ કર્યાઃ વારંવારના શરીર સંબંધને લીધે યુવતિ મા બની ગઇઃ પણ છેલ્લે ભરત લગ્ન કર્યા વગર ભાગી ગયોઃ આજીડેમ પોલીસે આદરી તપાસ

રાજકોટઃ તા.૧૯

લવ સેક્સ ધોખાની અવાર-નવાર બની રહેલી ઘટનાઓ એવી તમામ યુવતિઓ માટે લાલબત્તી સમાન છે જે ગમે તેના પર ભરોસો મુકી દઇ મિત્રતા અને પ્રેમના નામે ફસાઇ જતી હોય છે. આવી જ એક ઘટના રાજકોટ શહેરમાં બની છે. જેમાં એક યુવતિને તેના પુર્વ મિત્રના મિત્રએ લાગણીના પુરમાં ઢસડી લઇ લગ્નની લાલચ આપી ફસાવી લીધી હતી. વારંવાર દેહ પીંખતાં તેણીને ગર્ભ રહી ગયો હતો અને કુંવારી માતા બની ગઇ હતી. પણ પછી જનમોજનમ સાથ નીભાવવાના, લગ્નના વચનો આપનારો તેણીને મુકીને ભાગી ગયો હતો. અંતે યુવતિએ આજીડેમ પોલીસનું શરણુ લેતાં કાર્યવાહી થઇ હતી.

આ ઘટનાની વિગતો પર નજર કરીએ તો શહેરમાં રહેતી અને કેટરર્સમાં કામ કરતી એક યુવતિને તેની સાથે જ કામ કરતાં યુવાન સાથે મિત્રતા હોઇ તે મદદરૂપ થતો હોઇ પણ બાદમાં ઝઘડો થતાં આ મિત્રતા તુટી જતાં આ જુના મિત્રના મિત્રએ તેણીને ફોન કરી હવે તું મારી સાથે મિત્રતા રાખ, હું તને સાચવીશ તેમ કહી ભોળવી પોતાની સાથે રહેવા લઇ જઇ વારંવાર ગેસ્ટ હાઉસ, ઘરમાં શરીર સંબંધ બાંધી લીધા હતાં. લગ્નની લાલચ આપી આ શખ્સે ગર્ભ રાખી દેતાં યુવતિએ દિકરીને જન્મ આપ્યો હતો. આ પછી પણ લગ્ન નહિ કરી તરછોડીને ભાગી ગયો હતો. આ બનાવમાં આજીડેમ પોલીસે ત્રેવીસ વર્ષની એક યુવતિની ફરિયાદ પરથી ભરત મુળજીભાઇ ચંદ્રપાલ વિરૂધ્ધ લગ્નની લાલચ આપી અવાર-નવાર શરીર સંબંધ બાંધી લઇ બાદમાં યુવતિની કુખે દિકરીનો જન્મ થતાં તેણીને તરછોડીને ભાગી ગયાનો ગુનો નોંધી તપાસ શરૂ કરી આરોપીને ઝડપી લેવા તજવીજ આદરી હતી.

આ બનાવમાં ભોગ બનનાર યુવતિએ ફરિયાદમાં જણાવ્યું છે કે હું પરિવાર સાથે રહુ છું. બે વર્ષ પહેલા કેટરર્સમાં મારા મિત્ર સાથે કામે જતી હતી. તે મને નાનુ મોટુ કામ આપી સંભાળ રાખતો હતો. તે વખતે મિત્રના મિત્ર ભરત મુળજીભાઇ ચંદ્રપાલ સાથે પણ તે ક્યારેક ક્યારેક કેટરર્સમાં કામે આવતો હોવાથી તેની સાથે ઓળખાણ થઇ હતી. પોણા બે વર્ષ પહેલા મારે મિત્ર સાથે બોલચાલી થતાં તેની સાથે સંબંધ તુટી ગયો હતો. એ પછી અચાનક એક અજાણ્યા નંબર પરથી



ફોન આવતાં મેં રિસીવ કરતાં સામેથી વાત કરનારે કહેલું કે-હું તારા જુના મિત્રનો મિત્ર ભરત ચંદ્રપાલ બોલુ છું, તું હવે મારી સાથે મિત્રતા રાખ હું તને સાચવીશ અને તારો ખયાલ રાખીશ. પણ મારે કોઇ મિત્રતા રાખવી ન હોઇ તેનો નંબર બ્લોકમાં મુકી દીધો હતો. એ પછી ભરત અવાર-નવાર મને મળવા માટે આવતો હતો અને વાતચીત કરતો હતો.

ત્યારબાદ તે મને બહાર ફરવા લઇ ગયો હતો. એક દિવસ ગેસ્ટ હાઉસમાં મારી સાથે શરીર સંબંધ બાંધી લીધો હતો. ત્યારબાદ તેની સાથે ફોનમાં વાચતીત થતી હતી. પણ મારા ઘરમાં તે ગમતું ન હોઇ જેથી ઘરમાં ઝઘડો થતાં ભરત મને તેની સાથે રહેવા લઇ ગયો હતો. તે મને સારી રીચે સાચવતો હતો અને મારી સાથે લગ્ન કરશે તેવું કહેતો હતો. આ રીતે તે લગ્નની લાલચ આપી વારંવાર દેહસંબંધ બાંધી લેતો હતો. બાદમાં ભરત તેની બહેનના ઘરે મને મુકી ગયો હતો. ત્યાં બે મહિના સુધી અમે રોકાયા હતાં. બાદમાં નજીકમાં જ એક મકાન ભાડે રાખી ત્યાં રહેવા લાગ્યા હતાં. અમે બંને સાથે રહી કેટરર્સમાં કામે જતાં હતાં.

હું જ્યારે પણ લગ્નનું કહેતી ત્યારે ભરત કહેતો કે હાલમાં આપણી પાસે રૂપિયા નથી, રૂપિયા ભેગા થાય એટલે લગ્ન કરી લઇશું.

આ પછી ભરત દારૂ પીવાના રવાડે ચડ્યો હતો અને અવાર-નવાર દારૂ પી મારી સાથે બોલાચાલી કરી ઝઘડો કરતો હતો. તે દારૂ પીવાના કેસમાં પોલીસમાં પકડાયો ત્યારે હું જ તેને છોડાવવા ગઇ હતી. આમ છતાં તેણે મારી સાથે ઝઘડો કર્યો હતો. તે મારી સાથે શરીર સંબંધ બાંધતો હોઇ તેના થકી મને ગર્ભ રહી ગયો હતો. આ વખતે પણ તે ઝઘડોક રી બોલાચાલી કરતો હતો. મને અધુરા માસે બાળકનો જન્મ થતાં બાળકનું બે દિવસમાં મૃત્યુ થયું હતું. ત્યારબાદ ફરીથી ભરત થકી ગર્ભ રહી ગયો હતો અને એક દિકરીનો જન્મ થયો હતો. સાડા ત્રણ મહિના પહેલા આ દિકરીનો જન્મ થયો હતો.

યુવતિએ પોલીસ સમક્ષ કથની વર્ણવતા આગળ કહ્યું કે ત્યારપછી અમે અન્ય ભાડાના મકાનમાં રહેવા ગયા હતાં. હવે ભરતે મને અને દિકરીને સાચવવાને બદલે મારી પાસે સામા રૂપિયા માંગવાનું ચાલુ કર્યુ હતું અને ઝઘડો ચાલુ કર્યો હતો. દરમિયાન ગત એકત્રીસ મેના રોજ ભરતના મિત્રનો મને ફોન આવ્યો હતો અને કહ્યું હતું કે ભરત કોઇ બીજી યુવતિને લઇ ગેસ્ટહાઉસમાં ગયો છે. જેથી મેં તેને ફોન કરતાં તેણે ફોન ઉપાડ્યો નહોતો. આથી હું દિકરીને લઇ માવતરના ઘરે જતી રહી હતી.

ત્યારબાદ તેણે મારા માતાને ફોન કરી કહેલું કે તમારી દિકરીના બધા ડોક્યુમેન્ટ મારી પાસે છે, તેને કહો પાછી આવી જાય. તેમ કહી મારા માતા સાથે પણ બોલાચાલી કરી હતી. આ પછી ભરતની બહેન મને સમજાવવા આવી હતી અને ભરતે આપેલો ફોન લઇ ગઇ હતી. પોણા બે વર્ષ સુધી ભરતે મારી સાથે લગ્નની વાતો કરી વારંવાર શરીર સંબંધ બાંધી લીધા હતાં. દિકરીનો જન્મ થયા પછી તેણે લગ્નની ના પાડી દીધી હતી અને મુકીને જતો રહ્યો હોઇ અંતે ફરિયાદ કરવાનું નક્કી કર્યુ હતું. તેમ ભોગ બનનાર યુવતિએ જણાવતાં આજીડેમ પોલીસ સ્ટેશનના ઇન્સપેકટર એચ. એન. પટેલની રાહબરી હેઠળ પીએસઆઇ એસ. એલ. ગોહિલે ગુનો દાખલ કરી આરોપીને ઝડપી લેવા તજવીજ હાથ ધરી હતી.

કાકાના ઘરે આટો મારીને પોતાના ઘરે આવતાં હતાં ત્યારે રસ્તામાં બનાવ

# ટુવ્હીલર સ્લીપ થતાં યુવાને પાંચ વર્ષનો દિકરો ગુમાવ્યો

## પોતાનો બચાવ થયોઃ પત્નિને ઇજાઃ એકના એક લાડકવયાના મોતથી ગમગીનીઃ બીજી ઘટનામાં બત્રીસ વર્ષના યુવાનનું હીટ એન્ડ રનમાં મૃત્યુઃ અન્ય બે ઘટનામાં બેભાન હાલતમાં પ્રૌઢ અને વૃધ્ધની જિંદગી થઇ ખતમ

રાજકોટઃ તા.૧૯

રોજબરોજ અપમૃત્યુની બનતી કરૂણ ઘટનાઓમાં અલગ અલગ પરિવારો પોતાના સ્વજનોને ગુમાવી દેતાં હોય છે. આવી ઘટનાઓનો કરૂણ સિલસિલો યથાવત રહ્યો છે. વાહન અકસ્માતની ઘાતે લોકોને નડી ગઇ છે. જેમાં એક પરિવારે પાંચ વર્ષનો દિકરો ગુમાવ્યો છે, તો બીજા પરિવારે બત્રીસ વર્ષનો કંધોતર ગુમાવ્યો છે. બીજી તરફ અન્ય બે ઘટનામાં બેભાન હાલતમાં એક પ્રૌઢ અને એક વૃધ્ધના મૃત્યુ થયા હતાં.

કરૂણ ઘટનાની વિગતો પર નજર કરીએ તો રાજકોટ જીલ્લાના જામકંડોરણાના ચિત્રાવડ પાસે બાઇક સ્લીપ થઇ જતાં બાઇક ચાલક યુવાનનો બચાવ થયો હતો. જ્યારે તેના પત્નિ અને પાંચ વર્ષના પુત્રને ઇજાઓ થતાં સારવાર માટે રાજકોટ ખસેડાયા હતાં. જેમાંથી પાંચ વર્ષના પુત્રનું મોત થતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો છે. યુવાન પોતાના પત્નિ, પુત્રને બાઇકમાં બેસાડી કાકાની વાડીએ આટો મારવા ગયા હતાં. ત્યાંથી પરત પોતાના ગામ આવતી વખતે બનાવ બન્યો હતો. ચિત્રાવડ ગામમાં રહેતાં સંજયભાઇ પ્રવિણભાઇ રાજગોર નામનો અઠ્ઠાવીસ વર્ષનો યુવાન ગત ચૌદમી તારીખના રોજ મોટરસાઇકલ લઇને કાકાની વાડીએ જવા નીકળ્યો હતો.

સંજયભાઇની સાથે તેના છવ્વીસ વર્ષના પત્નિ રેખાબેન અને પાંચ વર્ષનો દિકરો સંદિપ પણ હતાં. તે બંનેને વાહનમાં બેસાડીને નજીકના ગામે કાકાની વાડીએ આટો મારવા, તેમના ઘરે બેસવા ગયા હતાં. રાતે નવેક વાગ્યે બધા પર ચિત્રાવડ ગામે આવી રહ્યા હતાં ત્યારે ગામ નજીક પહોંચતા જ રસ્તામાં બાઇક સ્લીપ થઇ જતાં સંજયભાઇને નજીવી ઇજાઓ થઇ હતી. જ્યારે તેમના પત્નિ રેખાબેન, પુત્ર સંદિપને ગંભીર ઇજાઓ પહોંચી હતી.બંનેને પ્રથ ધોરાજી હોસ્પિટલમાં અને ત્યાંથી જુનાગઢ હોસ્પિટલમાં ખસેડાયા હતાં.

ત્યારબાદવધુ સારવાર માટે



મા-દિકરાને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા હતાં. અહિ સારવાર દરમિયાન સંદિપનું મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફે બનાવની જાણ જામકંડોરણા પોલીસને કરી હતી. સંદિપભાઇ ડ્રાઇવીંગ કરી ગુજરાન ચલાવે છે. સંતાનમાં સંદિપ તેમનો એકનો એક દિકરો હતો. આ બનાવથી પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી.

બીજી આવી વાહન અકસ્માતની ઘટના જોઇએ તો ગોંડલના સુલતાનપુર નજીક શ્રીનાથગઢ ગામે રહેતાં હિરેનભાઇ જયેશભાઇ ખાંખનીયા નામના બત્રીસ વર્ષના યુવાનનું હિટ એન્ડ રનના બનાવમાં ગંભીર ઇજા થવાથી મૃત્યુ થતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો વિશેષ માહિતી અનુસાર શ્રીનાથગઢ ગામે રહેતાં હિરેનભાઇ જયેશભાઇ ખાખનીયા ગત ચોથી તારીખના રાતે દસેક વાગ્યે મોટરસાઇકલ હંકારીને જતાં હતાં ત્યારે શ્રીનાથગઢ મોવૈયા રોડ પર નાયરાના પંપ પાસે પહોંચતા અજાણ્યા વાહને મોટરસાઇકલને ઠોકરે ચડાવી દીધુ હતું અને તે ભાગી ગયો હતો.

હિરેનભાઇને માથા, શરીરે ગંભીર ઇજાઓ થઇ હોઇ ગોંડલ સારવાર અપાવી રાજકોટ ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતાં. તેમનું મૃત્યુ થતાં પરિવારમાં શોક વ્યાપી ગયો હતો. મોતનું ચોક્કસ કારણ જાણવા પોલીસે પોસ્ટમોર્ટમ કરાવ્યું હતું. યુવાન કંધોતરના મૃત્યુથી પરિવારમાં અને ગામમાં પણ અરેરાટી વ્યાપી ગઇ હતી.

અપમૃત્યુની અન્ય ઘટનાઓ જોઇએ તો રૈયા રોડ વૈશાલીનગર શેરી નં. ૧૦માં મહિલા કોલેજની પાછળના ભાગે રહેતાં મોહનભાઇ પુનાભાઇ મકવાણા નામના સાંઇઠ વર્ષના વૃધ્ધ ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થયું હતું.

જ્યારે સાયલાના મેઇન બજારમાં રહેતાં રમણીભાઇ ગોરધનભાઇ સોનગરા નામના ચોપન વર્ષના પ્રૌઢ ઘરે બેભાન થઇ જતાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં પરિવામાં શોક છવાઇ ગયો હતો. આ બંને ઘટનામાં હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે ગાંધીગ્રામ પોલીસ અને સાયલા પોલીસને જાણ કરતાં કાર્યવાહી થઇ હતી. આમ અલગ અલગ ઘટનામાં વધુ ચાર પરિવારોએ સ્વજનો ગુમાવતાં ગમગીની વ્યાપી ગઇ હતી.

# કાળીપાટ ચોકડીએ વ્હીસ્કી, જામુન વોડકાના જથ્થા સાથે કાર પકડાઇ

રાજકોટઃ તા.૧૯

દારૂની હેરાફેરી અટકાવવા પીસીબીની ટીમ રોજબરોજ સફળ દરોડા પાડી રહી છે. વધુ એક વખત કારમાં થઇ રહેલી હેરાફેરી અટકાવી બે શખ્સને વ્હીસ્કી, જામુન વોડકા સાથે ઝડપી લીધા હતાં.

વિગતો જોઇએ તો પીસીબીની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે આસી. સબ ઇન્સ. મહિપાલસિંહ ઝાલા, આસી. સબ ઇન્સ. ઘનશ્યામસિંહ ચૌહાણ, હેડકોન્સ. હરદેવસિંહ રાણાને બાતમી મળતાં કાળીપાટ ચોકડીથી ત્રંબાથી રાજકોટ તરફના રોડ પર કબુતરી કલરની સ્વીફ્ટ કાર જીજે૧૩એઆર-૨૮૬૭ને આંતરી લીધી હતી. કારમાં તપાસ કરતાં સુપર દારૂ-વોડકાનો જથ્થો મળી આવ્યો હતો.

પોલીસે જ્યુબીલી વ્હીસ્કીની ૭૫૦ એમએલની કુલ ૬૦ બોટલ કિંમત રૂ. ૩૫,૪૨૦ની તથા ઓલ્ડ સ્કૂલ ટ્રીપલ પ્યોર જામુન વોડકાના ૧૮૦ એમએલના રૂ. ૫૭૬૦૦ના ૨૪૦ ચપલા મળી આવતાં કુલ ૯૩૪૨૦નો દારૂ



પીસીબીની ટીમે બે શખ્સોને પકડી પાંચ લાખથી વધુનો મુદ્દામલા કબ્જે કર્યો

અને પાંચ લાખની કાર કબ્જે કર્યા હતાં. કારમાંથી પોલીસે પિયુષ રામયમલભાઇ હુંબલ (રહે. શીવધારા સોસાયટી-૨, ખોખડદળ પુલ પાસે, હુડકો ચોકડી) અને ભયલુ ભુપતભાઇ જળુ (રહે. વેલનાથપરા-૨, ખોખડદળ પુલ પાસે)ને ઝડપી લીધા હતાં. દારૂ ક્યાંથી લાવ્યા તેની વિશેષ તપાસ થઇ રહી છે. પીઆઇ એમ. આર. ગોંડલીયાની રાહબરીમાં પીએસઆઇ પી. બી. ત્રાજીયા, આર. કે. જાડેજા અને ટીમના મહિપાલસિંહ, ઘનશ્યામસિંહ, હરદેવસિંહ સહિતે આ કામગીરી કરી હતી. વધુ પુછતાછ માટે રિમાન્ડની તજવીજ હાથ ધરવામાં આવી હતી.

કોઇપણ સમસ્યાનું સમાધાન-ઉકેલ આપઘાત તો ન જ હોઇ શકે

# આર્થિક ભીંસથી ઘેરાયેલા ફર્નિચરના કારીગરનો આપઘાત

## કોઠારીયા વિસ્તારના પ્રૌઢે એસિડ પી અંતિમ પગલુ ભર્યુઃ બીજી ઘટનામાં પતિએ મજુરી કામ મામલે આપેલો ઠપકો આકરો લાગતાં પરિણીતા ઝેર પી દુનિયા છોડી ગઇ


રાજકોટઃ તા.૧૯

સમાજમાં રહેતો દરેક માણસ દરેક બાબતે સુખી હોતો નથી. રૂપિયાવાળાના ઘરે પણ ઘણા પ્રૌ ઉભા થતા હોય છે અને તેમને ઘરમાં શાંતિ હોતી નથી. તો ગરીબ તવંગર હોય તેઓ પણ કોઇને કોઇ વાતે સમસ્યાની જાળમાં ઘેરાયેલા રહેતાં હોય છે. અનેક લોકો એવા હોય છે જે કોઇને કોઇ વાતે દુઃખી હોય છે, સમસ્યાથી મુશ્કેલીથી ઘેરાયેલા હોય છે. પરંતુ આ તમામ બાબતોનો ઉકેલ આપઘાત તો ન જ હોઇ શકે. ઘણીવાર માણસ નાની નાની વાતે ખોટુ લગાડી જઇ ક્રોધમાં આવીને પણ અવળુ પગલુ ભરતો હોય છે. બે એવી ઘટના સામે આવી છે જેમાં એક પ્રૌઢે કામધંધો ન ચાલતાં આર્થિક સંકડામણ ઉભી થતાં આપઘાત કર્યો હતો. તો એક મહિલાને પતિએ કામે જવા જેવી વાતે ઠપકો દેતાં તેણે દુનિયા છોડી દીધી હતી.

આત્મહત્યાની ઘટનાઓ રોજબરોજ બનતી રહે છે. જેમાં કારણો પણ અલગ અલગ હોય છે. અનેક એવા બનાવો પણ બને છે જેમાં આપઘાત પછી પણ કારણ બહાર આવતા હોતા નથી. કોઠારીયા સોલવન્ટ પાસે સિતારામ સોસાયટીમાં રહેતાં પ્રૌઢે એસિડ પી આપઘાત કરી લેતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. ફર્નિચર કામનો ધંધો ન ચાલતાં ટેન્શનમાં રહેતાં હોઇ આ પગલુ ભરી લીધાનું ખુલ્યું હતું.સિતારામ સોસાયટી શેરી નં. ૨માં રહેતાં લલીતભાઇ હરિભાઇ પીપળીયા નામના પંચાવન વર્ષના પ્રૌઢે ઘરે એસિડ પી લેતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા હતાં.

પરંતુ સારવાર દરીમયાન મૃત્યુ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે આજીડેમ





પોલીસને જાણ કરી હતી. આપઘાત કરનારા લલીતભાઇ ત્રણ ભાઇ અને એક બહેનમાં વચેટ હતાં. પોતે ફર્નિચર કામ કરી ગુજરાન ચલાવતાં હતાં. પરંતુ કામધંધો બરાબર ચાલતો ન હોઇ આને કારણે સતત ટેન્શમાં રહેતાં હતા. આર્થિક ભીંસ પણ ઉભી થઇ હોઇ કંટાળીને આ પગલુ ભરી લીધુ હતું. બનાવને પગલે પીપળીયા-સુથાર પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી. કામધંધામાં મંદી અને ઘરમાં ઉભી થયેલી આર્થિક સંકડામણ સામે હારી જઇ પરિવારના મોભીએ દુનિયા છોડી દીધી હતી. તેઓ તો કદાચ સમસ્યાથી કાયમી છુટકારો મેળવી ગયા પણ પાછળ રહી ગયેલા સ્વજનોને કારમો આઘાત આપી ગયા છે.

બીજી ઘટના જોઇએ તો ઓટીલાના લાખચોકીયા ગામે રહેતી અજમાબેન લુલાભાઇ ચૌહાણ નામની સત્યાવીસ વર્ષની પરિણીતાએ ગત સત્તરમીએ રાતે નવેક વાગ્યે ગામમાં દેવાભાઇની વાડીએ હતી ત્યારે ઝેરી દવા પી લેતાં ચોટીલા સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાઇ હતી. અહિ આજે તેણીનું મોત થતાં પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી. આપઘાત કરનાર અજમાબેનનો લગ્ન આઠ વર્ષ પહેલા થયા હતાં. સંતાનમાં બે દિકરા છે.

વધુ વિતગો જોઇએ તો મુળ મધ્યપ્રદેશની આ પરિણીતા હાલમાં પતિ, બાળકો સાથે લાખચોકીયા ગામે દેવાભાઇની વાડીમાં રહી મજુરી કરતી હતી. પતિએ પરમ દિવસે મજુરી કામે જવા બાબતે બોલાચાલી કરી હોઇ તેના કારણે માઠુ લાગી જતાં તેણે આ પગલુ ભર્યુ હતું.

બનાવને પગલે બે સંતાન મા વિહોણા થઇ ગયા હતાં. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં ચોટીલા પોલીસે કાર્યવાહી કરી હતી. આમ બે અલગ અલગ ઘટનામાં અલગ અલગ કારણોસર બે લોકોએ પોતાની મહામુલી જિંદગીને જાતે જ ટુંકાવી લીધી હતી.

# નાણાકીય છેતરપિંડીનો રાફડો ફાટ્યો



## ડિજિટલ ક્રાંતિની સાથો સાથ સાઈબર ક્રાઈમના કિસ્સાઓમાં ચિંતાજનક વધારો

### છેતરપિંડીમાં હાઈ-પ્રોફાઈલ ટ્રેન્ડ્સ

**ઈન્ટરનેશનલ કનેક્શન:**

રાજકોટના નાગરિકોને છેતરતી ગેંગના તાર દુબઈ, કંબોડિયા, મ્યાનમાર અને થાઈલેન્ડ જેવા દેશો સાથે જોડાઈ રહ્યા છે. સ્થાનિક સ્તરે માત્ર 'બેંક એકાઉન્ટ ભાડે આપનારા' (ખીહય અભભફ્રીક્ષતિં) પકડાય છે, જ્યારે મુખ્ય સૂત્રધારો વિદેશ બેઠા છે.

**નિવૃત્ત લોકો સોફ્ટ ટાર્ગેટ:**

પીએફ (ડ્ઠ્ઠ), ગ્રેચ્યુઈટી કે વીમાની મોટી રકમ આવી હોય તેવા નિવૃત્ત સરકારી કર્મચારીઓ અને સિનિયર સિટીઝન્સને ટાર્ગેટ કરીને ''ઈન્શ્યોરન્સ બોનસ'' કે ''સેફ ડિપોઝિટ'' ના નામે લાખો રૂપિયા પડાવવામાં આવી રહ્યા છે.

**ફેક કસ્ટમર કેર:**

ગુગલ પર સર્ચ કરતી વખતે ખોટા હેલ્પલાઈન નંબર પર કોલ કરવાથી બેંક ખાતા સાફ થઈ જવાના કિસ્સા વધ્યા છે.

**અવનવા નુસખાઓ સાથે ફ્રોડ કરનારાઓ લોકોને ક્ષણભરમાં છેતરી લ્યે છે**

### શું કરવું? ,શું ન કરવું?

**શું કરવું ?**

– બેંક એકાઉન્ટમાં ટુ–ફેક્ટર ઓથેન્ટિકેશન (2FA) ચાલુ રાખવું.
– સોશિયલ મીડિયા પ્રોફાઈલને લોક રાખવી અને પ્રાઈવસી સેટિંગ્સ મજબૂત કરવા.
– કોઈપણ રોકાણ કરતા પહેલા કંપની સેબી (SEBI) રજિસ્ટર્ડ છે કે નહીં તે ચેક કરવું.

**શું ન કરવું ?**

– કોઈ અજાણ્યા વ્યક્તિના કહેવાથી પ્લે સ્ટોર સિવાયની કોઈ લિંકથી એપ ઈન્સ્ટોલ ન કરવી.
–કોઈને પણ પોતાના ક્રેડિટ/ડેબિટ કાર્ડના સીવીવી (CVV) કે એક્સપાયરી ડેટ ન આપવા.
– ફેસબુક કે ઈન્સ્ટાગ્રામ પર દેખાતી સસ્તી લોનની જાહેરાતો પર લોનની અરજી ન કરવી.

### ફ્રોડની મોડસ ઓપરેન્ડી

**ટાસ્ક ફ્રોડ:**

ટેલિગ્રામ કે વોટ્સએપ પર 'લાઈક અને રિવ્યૂ' કરવાના નામે શરૂઆતમાં નાના વળતર આપી બાદમાં લાખો રૂપિયા પડાવી લેવા.

**શેરબજાર-ઈંડ્ઢ રોકાણ:**

સોશિયલ મીડિયા પર ફેક પ્રોફાઈલ બનાવી, ખોટી એપ્લિકેશન ડાઉનલોડ કરાવી ઊંચા વળતરની લાલચ આપવી.

**ફેડએક્સ/ડીએચએલ કુરિયર સ્કેમ:**

તમારા કુરિયરમાં ડ્રગ્સ પકડાયું છે તેમ કહી ડિજિટલ અરેસ્ટનો ડર બતાવી પૈસા પડાવવા

**લાઈટ બિલ/ક્રેડિટ કાર્ડ અપડેટ:**

લિંક મોકલી ઓટીપી (ઘઝ્ડ) મેળવીને એકાઉન્ટ સાફ કરી નાખવું. લાલચ અને લોભામણી જાહેરાતના પગલે હાલ લોકો સાણસામા આવી જતા હોય છે અને તેઓ ગંભીર ભૂલ કરી નાખે છે આ પ્રશ્ન ભવિષ્યમાં ઉદ્ભવિત ન થાય તે માટે યોગ્ય પગલા લેવામાં આવે તે ખૂબ જરૂરી છે ત્યારે અજાણ્યા વ્યક્તિ દ્વારા લાઈટ બિલ અથવા તો ક્રેડિટ કાર્ડ અપડેટ જેવી કામગીરી ન કરાવવા માટે પણ હાલ તંત્ર દ્વારા જાહેરમત અને અપીલ કરવામાં આવી રહી છે.

રાજકોટ, તા. ૧૯

રાજકોટ શહેરમાં ડિજિટલ ક્રાંતિની સાથે સાથે સાયબર ક્રાઈમ અને નાણાકીય ફ્રોડના કિસ્સાઓમાં ચિંતાજનક વધારો થયો છે. લોકોની મહેનતની કમાણી ક્ષણભરમાં ગાયબ કરી દેતી ટોળકીઓ રોજ નવા નુસખા અપનાવી રહી છે.સ્માર્ટ સિટી તરફ આગળ વધી રહેલું રાજકોટ હાલ સાયબર ગુનેગારોના નિશાના પર છે. છેલ્લા કેટલાક સમયથી શહેરમાં ઓનલાઈન છેતરપિંડી, બેંક ફ્રોડ અને રોકાણના નામે લાખો રૂપિયા પડાવી લેવાના કિસ્સાઓ રોકેટ ગતિએ વધ્યા છે. માત્ર સામાન્ય કે ઓછું ભણેલા લોકો જ નહીં, પરંતુ ઉચ્ચ શિક્ષિત વર્ગ, વેપારીઓ અને નિવૃત્ત કર્મચારીઓ પણ આ માયાવી જાળમાં ફસાઈ રહ્યા છે. સાયબર ક્રાઈમ પોલીસ મથકે દરરોજ આવી અસંખ્ય ફરિયાદો નોંધાઈ રહી છે.

### બચવા માટે સાયબર સેલની એડવાઈઝરી

૧. કોઈ પણ અજાણી લિંક પર ક્લિક કરશો નહીં કે કોઈને OTP/PIN આપશો નહીં.
૨. પોલીસ કે કસ્ટમ્સ ક્યારેય વીડિયો કોલ પર 'ડિજિટલ અરેસ્ટ' કરતા નથી, આવો ફોન આવે તો તુરંત ફોન કાપી નાખો.
૩. રાતોરાત પૈસા ડબલ કરવાની કે શેરબજારના અવાસ્તવિક નફાની સ્કીમોથી દૂર રહો.
૪. અજાણ્યા વ્યક્તિના કહેવાથી કોઈ પણ સ્ક્રીન શેરિંગ એપ (જેવી કે AnyDesk, TeamViewer) ડાઉનલોડ ન કરો.

### ચર્ચાસ્પદ કેસ સ્ટડીઝ

કેસ ૧: 'ડિજિટલ અરેસ્ટ'માં રૂ. ૨૮ લાખ ગુમાવ્યા

કાલાવડ રોડ પર રહેતા એક મહિલા પ્રોફેસરને મુંબઈ કસ્ટમ્સના નામે ફોન આવ્યો કે, ''તમારા નામે ડ્રગ્સનું પાર્સલ આવ્યું છે.'' મની લોન્ડરિંગનો કેસ હોવાનું કહી સ્કાઈપ (જ્ઞુાય) વીડિયો કોલ પર તેમને ૨૪ કલાક સુધી નજરકેદ (ઉશલશફિંહ અર્યિતિં) રાખવામાં આવ્યા અને ડરના માર્યા મહિલાએ પોતાના જમા પૂંજીના રૂ. ૨૮ લાખ ટ્રાન્સફર કરી દીધા.

કેસ ૨: શેરબજારના નામે વેપારી સાથે રૂ. ૫૦ લાખની છેતરપિંડી

ગોંડલ રોડના એક અગ્રણી ઉદ્યોગપતિને ફેસબુક પર 'ર્ઋંઈ ઈન્વેસ્ટમેન્ટ'ની જાહેરાત જોઈ વોટ્સએપ ગ્રૂપમાં એડ કરાયા. રોજ ૫૦% પ્રોફિટ બતાવતી નકલી એપ્લિકેશન આપીને તેમની પાસે કટકે-કટકે રૂ. ૫૦ લાખ ભરાવી લીધા. જ્યારે પૈસા ઉપાડવા ગયા ત્યારે એકાઉન્ટ બ્લોક કરી દેવાયું.

**લાખો રૂપિયા પડાવી લેવાના કિસ્સાઓ રોકેટ ગતિએ વધ્યા**

### આંકડા શું કહે છે?

| વર્ષ | નોંધાયેલી ફરિયાદો | ગુમાવેલી રકમ (કરોડમાં) |
|---|---|---|
| ૨૦૨૪ | ૪,૫૦૦+ | ૧૨ કરોડ |
| ૨૦૨૫ | ૭,૫૦૦+ | ૨૫ કરોડ |
| ૨૦૨૬ | ૨૦ કરોડથી વધુનો રોડ | |

### પોલીસ એક્શન મોડમાં:

રાજકોટ પોલીસ કમિશનરેટ હેઠળની સાયબર ક્રાઈમ બ્રાન્ચ હવે વધુ હાઈટેક બની છે. પોલીસે તાજેતરમાં જ ભાડે આપેલા બેંક ખાતાઓ (Mule Accounts) સપ્લાય કરતી સ્થાનિક ટોળકીઓ પર સપાટો બોલાવ્યો છે. પોલીસના જણાવ્યા મુજબ, ફ્રોડ થયાની ગણતરીની મિનિટોમાં જો ૧૯૩૦ પર કોલ કરવામાં આવે, તો નેશનલ સાયબર ક્રાઈમ રિપોર્ટિંગ પોર્ટલ (NCCRP) દ્વારા જે–તે બેંકને તુરંત એલર્ટ મોકલીને પૈસા 'હોલ્ડ' (Hold) કરાવી શકાય છે.

# વિવિધ વિસ્તારોમાં પ્રોપર્ટી કાર્ડ ઘોંચમાં!

## તંત્રની લાલિયાવાડી કે સંકલનનો અભાવ : છ વર્ષથી સોપાયું છે કામ છતાં નથી થયું પૂર્ણ, સ્ટાફના અભાવે એજન્સીઓની નબળી કામગીરી

રાજકોટ, તા. ૧૯

સ્માર્ટ સિટી તરફ આગળ વધી રહેલા રાજકોટ શહેરમાં હજુ પણ હજારો મિલકતધારકો પોતાના હક્કના 'પ્રોપર્ટી કાર્ડ' મેળવવા માટે સરકારી કચેરીઓના ધક્કા ખાઈ રહ્યા છે. શહેરના અનેક વિસ્તારોમાં લાંબા સમયથી સર્વેની કામગીરી પૂર્ણ થઈ ગઈ હોવા છતાં, નાગરિકોના હાથ સુધી પ્રોપર્ટી કાર્ડ પહોંચ્યા નથી. આ વિલંબ પાછળ કોની બેદરકારી જવાબદાર છે તે સવાલ હવે સ્થાનિકોમાં ચર્ચાનો વિષય બન્યો છે.સૂત્રોના જણાવ્યા અનુસાર, ડિજિટલાઈઝેશન અને ડ્રોન સર્વેની મોટી-મોટી વાતો વચ્ચે જમીન દફતર કચેરી (સીટી સર્વે) અને મહાનગરપાલિકા (છખઈ) વચ્ચે યોગ્ય સંકલનનો અભાવ મુખ્ય કારણ માનવામાં આવી રહ્યો છે.




સ્માર્ટ સિટી રાજકોટમાં રૈયા રોડ, યુનિવર્સિટી રોડ સહિત અનેક વિસ્તારોમાં નાગરિકો પ્રોપર્ટી કાર્ડથી વંચિત રહ્યા હોય તેવું ચિત્ર સામે આવ્યું છે એટલું જ નહીં જે તે વખતે પ્રોપર્ટી કાર્ડ માટેની કામગીરી સર્વે ભવનને સોંપી હતી પરંતુ પૂરતો સ્ટાફ ન હોવાના કારણે આ કામગીરી ખાનગી કંપનીને સોંપવામાં આવી હોવાનું માલુમ પડ્યું છે. જેને છ વર્ષ જેટલો માતબર સમય વીતી ગયો છે છતાં પણ કામગીરી પૂર્ણ થઈ નથી. અને આજે પણ લોકો હેરાન થઈ રહ્યા હોવાની સ્થિતિનું નિર્માણ થયું છે. સર્વે ભવનમાં બેસતા એજન્સીના પ્રતિનિધિઓનું કહેવું છે કે કામગીરીમાં ઘણી ખરી વિસંગતતાઓ છે જેના કારણે કામ પૂરું થઈ શકતું નથી. પોતાની જવાબદારીથી મુક્ત થવા માટે એજન્સીના કર્મચારીઓ દ્વારા માહિતી પશ્ચિમ મામલતદાર પાસેથી મળશે તેવું સતત રટણ કરવામાં આવી રહ્યું છે તો મામલતદાર કચેરી મારફતે એ જ વાત કહેવામાં આવી રહી છે કે સર્વે ભવનમાં પ્રોપર્ટી કાર્ડ નીકળ્યા છે કે કેમ તે અંગેની વિગતો મળશે. હાલ નબળી કામગીરીના કારણે મિલકત ધારકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

વિભાગના સૂત્રો દ્વારા જે વિગતો મળી રહી છે તેને ધ્યાને લેવામાં આવે તો જ્યાં સુધી એજન્સી દ્વારા કામગીરી પૂર્ણ કરવામાં નહીં આવે ત્યાં સુધી નવા કાર્ડ નીકળી શકશે નહીં તેવી સ્થિતિનું નિર્માણ થયું છે. કોરોના સમયથી સોંપવામાં આવેલું કામ આજે પણ પૂર્ણ ન થતા રેવન્યુ અંતર્ગત ઘણા ખરા કાર્યો અટકી પડ્યા છે. બિલ તરફ સરકારે મિલકત ધારકોને સરળતા રહે તે હેતુસર ઓનલાઈન સેવાનો લાભ પણ આપવાનો નિર્ણય લીધો હતો પરંતુ તેમાં પણ સૌથી મોટો પ્રશ્ન એ જ છે કે પ્રોપર્ટી કાર્ડ ત્યારે જ ઓનલાઈન નીકળી શકે જ્યારે તે રેકર્ડમાં હોય જેનો મતલબ એ છે કે હાલ જે પણ વિસ્તારો મર્જ થયા નથી તેઓના પ્રોપર્ટી કાર્ડ ઓનલાઈન પણ નીકળી શકતા નથી.

આ વહીવટી લોલંલોલના કારણે મિલકતધારકો કાનૂની ગૂંચવણોમાં ફસાયા છે. પ્રોપર્ટી કાર્ડ ન હોવાને લીધે કરોડો રૂપિયાની મિલકતો હોવા છતાં લોકો આર્થિક કટોકટીના સમયે તેના પર બેંક લોન લઈ શકતા નથી કે નથી તેનું કાયદેસર વેચાણ કરી શકતા.

રાજકોટ શહેરમાં પ્રોપર્ટી કાર્ડ આપવાની ધીમી ગતિ વચ્ચે વધુ એક ચોંકાવનારો ખુલાસો થયો છે. અહેવાલો અનુસાર, શહેરના અનેક વિસ્તારોના સીટી સર્વેના નકશાઓ અને રેકોર્ડ હજુ સુધી જૂના રેકોર્ડ સાથે 'ભળ્યા' કે મિક્સ થયા નથી (અર્થાત રેકોર્ડ અપડેટ કે લિંક થયા નથી). આ નવી વિગતો સામે આવતા જ વર્ષોથી પોતાના પ્રોપર્ટી કાર્ડની રાહ જોઈને બેઠેલા હજારો મિલકતધારકોમાં ભારે અરેરાટી અને રોષ વ્યાપી ગયો છે.

### વહીવટી તંત્રની ઘોર બેદરકારી?

તંત્ર દ્વારા અગાઉ એવા દાવા કરવામાં આવ્યા હતા કે મોટાભાગના વિસ્તારોની માપણી અને ડેટા એન્ટ્રીનું કામ પૂરું થઈ ગયું છે. પરંતુ વાસ્તવિકતા એ છે કે:

### રેકોર્ડનું અધૂરું જોડાણ:

રેવન્યુ રેકોર્ડ અને સીટી સર્વેના નકશાઓનું પ્રોપર ઈન્ટીગ્રેશન (જોડાણ) ન થવાને કારણે ટેકનિકલ સ્તરે મોટો ઘોંચાણો ઊભો થયો છે.

### વિસ્તારો જ બાકાત:

અમુક વિસ્તારોનો ડેટા હજુ સિસ્ટમમાં પ્રોસેસ જ થયો નથી, જેના કારણે ત્યાંના રહીશોના પ્રોપર્ટી કાર્ડ જનરેટ થવા પર જ બ્રેક લાગી ગઈ છે.

### ડેટા મિસમેચ:

સીટી સર્વેના રેકોર્ડ અને મનપાના આકારણી આંકડાઓ વચ્ચે વિસંગતતા હોવાને કારણે હજારો ફાઈલો પેન્ડિંગ પડી છે.

### સ્ટાફની અછત:

કચેરીઓમાં પૂરતો સ્ટાફ ન હોવાથી પ્રોપર્ટી કાર્ડની એન્ટ્રી અને વેરિફિકેશનની કામગીરી કીડીની ગતિએ ચાલી રહી છે.

### જનતા પરેશાન, વહીવટી તંત્ર મૌન

પ્રોપર્ટી કાર્ડ ન મળવાને કારણે સામાન્ય નાગરિકોને મિલકતની ખરીદ–વેચાણ, બેંક લોન લેવામાં કે વારસાઈ નામ ચડાવવામાં મોટી મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. અરજદારોનો આક્ષેપ છે કે, વારંવાર રજૂઆતો કરવા છતાં તંત્ર દ્વારા માત્ર 'કામ ચાલુ છે' તેવા પોકળ આશ્વાસનો આપવામાં આવે છે. જો સરકાર ડિજિટલ ગુજરાતના દાવા કરતી હોય, તો રાજકોટના રહીશોને પોતાના જ ઘરના દસ્તાવેજી પુરાવા મેળવવા માટે કેમ વર્ષો સુધી રાહ જોવી પડે છે? આ વિલંબ માટે જવાબદાર અધિકારીઓ સામે કડક પગલાં લેવાય તેવી લોકમાંગ ઉઠી છે.